
# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અમરેલી

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી - ૨૦૧૫

બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ અમરેલી શહેરને આંગણે ધર્મકુળ આશ્રિત **શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર - પાણીદરવાજા** તથા તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા ઉજવાયેલ આઠમો **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૩૦ થી ૫-૧-૨૦૧૫)




**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ **અમરેલી** શહેરને આંગણે ધર્મકુળ આશ્રિત **શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર - પાણીદરવાજા** તથા તથા **શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ** દ્વારા ઉજવાયેલ આઠમો **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૩૦ થી ૫-૧-૨૦૧૫)



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું
રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે
પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ
પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


વર્ષ : ૩, અંક : ૧, તા. ૨૦-૦૧-૧૫

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com, www.svg.org
Email : srdharmandir@gmail.com


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. વાસંતી પુષ્પકળીઓ | ૦૪ |
| ૨. મોક્ષની સુવાસ | ૧૦ |
| ૩. ગુરુની ગરિમા | ૧૪ |
| ૪. સંગ-વિવેક | ૨૦ |
| ૫. શિક્ષાપત્રી : દિવ્ય, ભવ્ય અને શ્રાવ્ય | ૨૨ |
| ૬. સત્સંગ સમાચાર પત્રિકા | ૨૪ |
| ૭. કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ | ૩૧ |
| ૮. નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ-તારીખ | ૩૨ |
| ૯. ટ્રેનયાત્રા | ૩૩-૩૪ |


નોંધ :- શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા લેખમાળા આગામી અંકમાં આપવામાં આવશે. શિક્ષાપત્રી જયંતી પર્વ હોવાથી આ અંક શિક્ષાપત્રી લેખમાળા વિશેષાંક કરવામાં આવ્યો છે.

**લવાજમ દર :-** બે વર્ષ : રૂા. ૧૬૦/- , પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**


हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્યઅમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦

**શિક્ષાપત્રીની ૧૮૯મી જન્મજયંતીએ કોટિ કોટિ વંદના**

સં. ૨૦૭૧ મહા સુદ-૫ (વસંતપંચમી) તા. ૨૪-૧-૨૦૧૫



# શિક્ષાપત્રી

### શ્રેયસ્કર ભગવાન શ્રીહરિના હસ્તપલ્લવથી ખીલેલી

# વાસંતી પુષ્પકળીઓ


સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપ ભગત

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વસંતમાં **નવપલ્લવીત** થયેલી નવોઢા સમાન શોભતી **વસુંધરા**ની શોભાની કલ્પના જ તન-મનમાં તાજગી ભરી જાય છે. મા ધરતીને ધાવીને પાંગરેલા નવીનપર્ણોથી લચકતા નવયુવાન સપૂત જેવા **પુષ્પશસ્યો** ધરતીની શોભા વધારીને માતૃઋણને અદા કરતા હોય તેમ મંદ સમીરની સાથે તાલબદ્ધ નૃત્ય કરતા હોય એવું ભાસે. ધરતીના આશીર્વાદરૂપ **કળીઓ**થી ઓપતા એ સુકુમાર કુસુમસારોની કળીઓ ભાસ્કરની પ્રથમ રશ્મિથી જ વિકસીને મઘમઘતું **કુસુમ** બની જાય છે અને વાયુમંડળને તાજગીભરી **ફોરમ**થી સંમોહિત કરી દે છે.

વસંતમાં પાંગરેલા પુષ્પોનું વર્ણન અનેક ધુરંધર કવિઓએ મન મૂકીને કર્યું છે અને હજુ પણ કરતા જ રહે છે. તેમ છતાં વિશ્વસર્જકની **અદ્‌ભુત કલા ચતુરાઈ**ની પુષ્પરૂપે અવતરેલી **મોહની** એવું તો ઘેલું લગાડી જાય છે કે ઘણીવાર વિષયાંતર કરીને પણ કવિઓની કલમ અનાયાસે જ એના સૌંદર્ય તરફ વળી જાય છે. કારણ કે તેની સુંદરતા જ એવી છે...!! એટલા માટે જ તો જોગીઓની જેમ વન-વન ભટકતા ભમરા એના સૌંદર્ય અને પરાગરજ પર બંધાઈ જાય છે... ન્યોછાવર થઈ જાય છે...!! કોયલરાણી પણ પોતાના મધુર કલરવથી જન-જનના કર્ણપટને આહ્લાદક સૂરથી રંજીત કરે છે. તેનું કારણ પણ ફૂલની ફોરમનો પ્રભાવ જ છે...!!!

સૂર્ય અને ધરતીના સહયોગથી અવતરેલું અને તે યુગલ પર જ નભતું અલ્પાયુ **વાસંતી પુષ્પ** જો ધરતી પર આટલી તીવ્ર પ્રભા પાથરતું હોય તો પછી **વિચારવાનો મુદ્દો** એ છે કે, અનંત કરોડો સૂર્યનું તેજ જે મહાપુરુષના એક રોમના કોટિમા ભાગમાં લીન થઈ જાય... પોતાનું અસ્તિત્વ જ ગુમાવી બેસે... અનંત કરોડો પૃથ્વી જેમના એક ભ્રકુટિ વિલાસમાં સર્જાઈ જાય અને વિસર્જીત થઈ જાય... એવા સમર્થ મહાપ્રભુના દિવ્ય અને વિશાળ હૃદયની 'સર્વજીવહિતાવહ' સ્ફુરણાથી સ્ફુરિત થયેલા **શિક્ષાપત્રીરૂપી સ્ફોટ પુષ્પની ગરિમા** કેટલી વિશાળ હશે... અને બીજી વાત એ કે, વસંતમાં ફૂલછોડ પર ખીલતી પુષ્પકળીઓ તો સવારે ખીલી અને સાંજે કરમાઈ જાય, પરંતુ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની સુકોમળ આંગળીઓના સંયોગથી કસાયેલી કલમથી વિકસેલી શબ્દકળીઓના સમૂહરૂપ શિક્ષાપત્રી **વિશ્વસર્જકની કરુણા**ના પ્રતીકરૂપ **'અમરફળ'** છે. એની આભા અને સૌરભથી અસંખ્ય મનુષ્યોને ન તો કેવળ મોક્ષનો માર્ગ પણ જીવવાનો પણ **ઉન્નત ઉપાય** પ્રાપ્ત થયો છે અને થતો જ રહેશે પૃથ્વીના અસ્તિત્વ સુધી...

શિક્ષાપત્રી માત્ર **ધર્મશાસ્ત્ર** જ નથી, તેમાં નીતિ પણ છે અને જ્ઞાન પણ છે. તેમાં **જીવનસાફલ્યની રીતિ** પણ છે અને મૃત્યુનું જ્ઞાન પણ છે. તેમાં પરમેશ્વર પ્રત્યે પ્રીતિ પણ છે અને ઉત્તમ સામાજિક જીવનની પહેચાન પણ છે. તેમાં શારીરિક અને માનસિક તંદુરસ્તી પણ છે અને શ્રેષ્ઠ કક્ષાનું વિજ્ઞાન પણ છે. તેમાં જગતથી વિરક્તિ છે અને જરૂરી વ્યવહારની જાણ પણ છે. વધારે તો શું કહેવું **ભગવદી શિક્ષાપત્રી માટે** એટલું તો **ચોક્કસ** કહીશ કે શિક્ષાપત્રીના યથાર્થ મહિમાને આજસુધી કોઈ નથી જાણી શક્યું અને જેમ છે તેમ ક્યારેય કોઈ નહિ જાણી શકે, તેમ છતાં શિક્ષાપત્રીના **ગલિતાર્થ**ને કેન્દ્રસ્થાને રાખીને તમામ શાસ્ત્રોનું શિક્ષાપત્રી સાથેનું તુલનાત્મક અધ્યયન કોઈ વિદ્વાન કરે તો તેના તમામ સંશોધનોના અંતે મોઢામાંથી અનાયાસે જ શબ્દો સરી પડે... આ હા ! આ **શિક્ષાપત્રી** તો માત્ર તમામ શાસ્ત્રોનો **સાર** જ નથી પણ **તમામ શાસ્ત્રોની શાન** છે...!!!



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતો-ભક્તોએ શિક્ષાપત્રીને **'ગાગરમાં સાગર'**ની ઉપમા યથાર્થ આપી છે. કારણ કે આ શિક્ષાપત્રીમાં **૩૫૦**થી વધારે **શાસ્ત્રો**નો સાર તથા **૩૯૭૨** જેટલા અનેક શાસ્ત્રોના વાક્યોનું આલેખન થયેલ છે. તેથી તો શિક્ષાપત્રીની ઘણી મોટી **મહત્તા** છે. આ પૃથ્વી પરનું કોઈ એવું સત્શાસ્ત્ર નથી કે જેની કોઈ ને કોઈ કલમ આ શિક્ષાપત્રીમાં ન લખાયેલ હોય. ટૂંકમાં દરેક સત્શાસ્ત્રની કોઈને કોઈ વાત શિક્ષાપત્રીમાં ગ્રહણ થઈ જ છે. આમ, શિક્ષાપત્રી **સર્વશાસ્ત્રોનું સારરૂપ 'ઘી'** છે.

ભારતીય ઉત્સવ પરંપરામાં **'વસંતપંચમી'**નું સ્થાન અનોખું છે. સૂર્ય જ્યારે મીન રાશિમાં પ્રવેશ કરે ત્યારથી વૃષભ રાશિમાં પ્રવેશ કરે ત્યાં સુધી વસંતનો **સમય** ગણાય છે. વસંતપંચમી પછી ચાલીસ દિવસે વસંતની શરૂઆત થાય છે, પરંતુ પ્રત્યેક ઋતુનો ગર્ભકાળ ચાલીસ દિવસનો ગણાય છે એટલે આ દિવસથી વસંતનો મહિમા પ્રસરવા લાગે છે.

વસંતઋતુને છએ ઋતુમાં **'ઋતુરાજ'**ની ઉપમા આપવામાં આવી છે. આ ઋતુમાં આહ્લાદકતા અનુભવાય છે, તેવી અન્ય ઋતુઓમાં નથી હોતી. તેથી કવિઓની અનેક કવિતાઓ પણ વાસંતી વાયરે મહોરી ઊઠેલી જણાય છે. ભગવાન **શ્રી સ્વામિનારાયણ** પણ વસંતના ઉત્સવને **ઉત્સાહભેર** ઊજવતા. પોતાના સંત-સખાઓની વિનંતી સ્વીકારી શ્રીજીમહારાજ આ **ઉત્સવ** ઉમંગભેર ઊજવતા. હરિભક્તો મહાપ્રભુ શ્રીહરિ સમક્ષ એક રંગ ભરેલો કુંભ લાવતા. જેનું ભગવાન શ્રીહરિ વિધિપૂર્વક **પૂજન** કરતા. ખજૂર, કોપરું, સાકર વગેરે પ્રસાદ વહેંચાતો. પછી કુંભમાં ભરેલા રંગથી સૌ રંગે રમતા.

વસંત પંચમીનો **મહા પવિત્ર દિવસ.** આ દિવસ આપણા **સંપ્રદાય સાથે** અનેક રીતે સંકળાયેલો છે.

આપણા સંપ્રદાયને માટે **વસંત પંચમી એટલે** મોક્ષદાયક **શિક્ષાપત્રી**નો જન્મદિવસ !! **તદુપરાંત** આ વસંતપંચમી એટલે...

- ધોલેરા **શ્રી હરિકૃષ્ણ મહારાજ**ના પાટોત્સવનો દિન.
- મૂળી **શ્રી રાધાકૃષ્ણ દેવ**ના પાટોત્સવનો દિન.
- સ.ગુ. **શ્રી બ્રહ્માનંદ સ્વામી**નો જન્મ દિવસ.
- સ.ગુ. **શ્રી નિષ્કુળાનંદ સ્વામી**નો જન્મ દિવસ.

આમ, અનેકાનેક રીતે આ તહેવાર આપણી સાથે જોડાયેલ છે. સં. ૨૦૭૧ **મહા સુદ - ૫** (પાંચમ)ના દિવસે શિક્ષાપત્રીના **૧૮૯ વર્ષ** પૂર્ણ થાય છે. શ્રીજીમહારાજે **શિક્ષાપત્રી** સં. ૧૮૮૨ મહા સુદ - ૫ (વસંત પંચમી) તા. ૧૨-૨-૧૮૨૬ના રવિવારને દિવસે વડતાલમાં હરિમંડપે **રચના** કરી હતી : 'लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् । नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥' - અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વરિષ્ઠ સંતો-ભક્તોએ શિક્ષાપત્રીને **'ગાગરમાં સાગર'**ની ઉપમા યથાર્થ આપી છે. કારણ કે આ શિક્ષાપત્રીમાં **૩૫૦**થી વધારે **શાસ્ત્રો**નો સાર તથા **૩૯૭૨ જેટલા** અનેક શાસ્ત્રોના **વાક્યો**નું આલેખન થયેલ છે. તેથી તો શિક્ષાપત્રીની ઘણી મોટી **મહત્તા** છે. આ પૃથ્વી પરનું કોઈ એવું સત્શાસ્ત્ર નથી કે જેની કોઈ ને કોઈ કલમ આ શિક્ષાપત્રીમાં ન લખાયેલ હોય. ટૂંકમાં દરેક સત્શાસ્ત્રની કોઈને કોઈ વાત શિક્ષાપત્રીમાં ગ્રહણ થઈ જ છે. આમ, શિક્ષાપત્રી **સર્વશાસ્ત્રોનું સારરૂપ 'ઘી'** છે. એટલે તો કહ્યું છે :
**'सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ।।'**

અને હા, સાથોસાથ

'सर्वजीवहितावहः' (શ્લોક-૭) સર્વ જીવપ્રાણીમાત્રના માટે મોક્ષરૂપિણી આ **શિક્ષાપત્રી** છે.

શિક્ષાપત્રી ખરેખર એક અજોડ શાસ્ત્ર છે. શાસ્ત્રનો અર્થ જે : 'शासु अनुशिष्टौ' તથા 'शसि वाक्यप्रबन्धे' આ બંને ધાતુને 'ष्ट्रन्' પ્રત્યય કરી શાસ્ત્ર શબ્દની ઉત્પત્તિ થાય છે.

'शासनात्शंसनात् शास्त्रमित्यभिधीयते ।' - જેના દ્વારા શાસન થઈ શકે જેના વાક્યોથી નિયમન થઈ શકે તેને **શાસ્ત્ર** કહેવાય. આ **વ્યાખ્યા** સાંગોપાંગ રીતે શિક્ષાપત્રીને ઘટે છે.

☞ હવે શિક્ષાપત્રીના **અર્થ**ને વિચારીએ તો...

આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ભાષ્યમાં ખૂબજ સુંદર અર્થ બતાવેલો છે : 'शिक्षायाः पत्री शिक्षार्था वा पत्री ।'

'शिक्ष' વિદ્યોપાદાનાર્થક ધાતુને ભાવાર્થક કૃદન્ત 'घञ्' પ્રત્યય કરી 'अजाद्यतष्टाप्' સૂત્રથી સ્ત્રીત્વવિવક્ષાર્થે 'टाप्' પ્રત્યય કરી **શિક્ષા** શબ્દ નિષ્પન્ન થાય. **પત્રી**ની સાથે 'षष्ठीतत्पुरु ष समास' કરી '**शिक्षापत्री**' શબ્દ બને.

તેનો સંસ્કૃત અર્થ : 'शिक्ष्यते उपदिश्यते मुमुक्षूणामसाधारणं धर्मतत्त्वमनया इति शिक्षा ।'

ગુજરાતી અર્થ : 'સર્વે શિક્ષાઓનું સંકલન કરનારી પત્રી એટલે શિક્ષાપત્રી'

☞ શું કામ લખવામાં આવી ?

આ પ્રશ્નના જવાબમાં શિક્ષાપત્રી **ધ્યાન-માહાત્મ્ય**ના પહેલા **શ્લોક**માં કહ્યું છે : 'विज्ञाने विलयं गते प्रसरति क्षोण्यां तमस्यांतरे । दिङ् मूढेषु भवाध्वगेषु परितः पीडैकशेषे विधौ ॥' - જ્ઞાનનો વિલય થયો, અજ્ઞાનના અંધકાર ચારેબાજુ ઘેરી વળ્યા, પ્રજા કર્તવ્ય શૂન્ય (દિઙ્મૂઢ) બની તેમજ વેદોક્ત કર્મકાંડની વિધિઓ પણ પીડા માત્ર અવશેષ રહી ત્યારે કરુણાવતારે કરુણા કરી શિક્ષાપત્રીનું આલેખન કર્યું. તેમજ શિક્ષાપત્રી લખવાનો હેતુ મહારાજે શ્રીમદ્ સત્સંગિજીવનમાં પણ બતાવ્યો છે કે : 'अन्तर्हिते मयि भुवो मदीयानां च सर्वशः । स्फुटमद्वाक्यरू पा सा भवित्र्यालम्बनं महत् ॥' (૪/૪૪/૨૧)

હું જ્યારે આ પૃથ્વી પરથી અંતર્ધાન થઈશ ત્યારે મોક્ષ માર્ગે પ્રવર્તનારા મારા આશ્રિતો માટે **સર્વધર્મ સારસંગ્રહરૂપ** આ **પત્રિકા** સહાયક બને તે માટે લખું છું. તેથી તો મહારાજે જ્યારે સ્વધામ ગમન સમયે સૌ આશ્રિતોને **ઉપદેશ** આપ્યો ત્યારે પણ વારંવાર કહેલું કે 'શિક્ષાપત્રી પ્રમાણે સૌ રહેજો.'

આમ, શિક્ષાપત્રી શાસ્ત્રને એક દૃષ્ટિથી જોઈએ તો 'न भूतो न भविष्यति' એવી છે. કારણ કે ખુદ **પરબ્રહ્મ પુરુષોત્તમની કલમે લખાયેલ** ગ્રંથ... એક સર્વસામાન્ય દૃષ્ટિથી જોઈએ તો શ્રીરામચંદ્રજી ભગવાને પોતાની વાણીનું તથા સ્વહસ્તે લેખિત કોઈ શાસ્ત્રની રચના કરી હોય તેવું જણાતું નથી, શ્રીકૃષ્ણ ભગવાને સ્વલેખિત શાસ્ત્ર તો કોઈ નથી બનાવ્યું, પરંતુ વાણીરૂપી શાસ્ત્ર (શ્રીમદ્ ભગવત્ ગીતા) બનાવ્યું છે. જ્યારે શ્રીજીમહારાજે તો **વાણીરૂપી** (વચનામૃત) શાસ્ત્ર તથા **સ્વહસ્ત લેખિત** શિક્ષાપત્રી શાસ્ત્ર - એમ બંને બનાવ્યા છે. તેથી તો આ શિક્ષાપત્રીથી ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરિતા સાબિત થાય છે. સાથો સાથ શિક્ષાપત્રીનો ૧૦૮મો શ્લોક તે શ્રીજીમહારાજની ઉપાસનાની દૃઢતા માટે પૂરતો જ છે. તેનું વિવેચન ઘણું જ લાંબુ છે. તેથી તેનું વર્ણન અહિં નથી કર્યું.

હવે એક કદમ આગળ વધી શિક્ષાપત્રી વિષે વિચારીએ તો **વેદ** છે તે ભગવાનના સ્વમુખની વાણી હોવાથી **શ્રીમુખની વાણી** તથા **અપૌરુષેય** મનાય છે. તેમજ શિક્ષાપત્રી તો એ ન્યાયે ભગવાનની **સ્વલેખિત વાણી** છે. તેથી શ્રીમુખ વાણી હોવાથી એ ગ્રંથને પણ અપૌરુષેય માનવામાં કોઈ અતિશયોક્તિ નથી.

આવી રીતે અનેકાનેક વિધ વિધ પ્રકારનો મહિમા શિક્ષાપત્રીનો છે. જેથી તો ભારત સ્વાતંત્ર્યના લડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલે પણ કહ્યું હતું કે, 'આ શિક્ષાપત્રીનું વાંચન કર્યા પછી મને એમ અનુભવ થાય છે કે જો દરેક ભારતીય પ્રજા આ શિક્ષાપત્રીનું પાલન યથાર્થ કરે તો કરોડો રૂપિયાનો ખર્ચ પોલીસ તથા ન્યાયતંત્ર પાછળ થાય છે તે ન થાય અને પૂરા ભારતમાં પોલીસ તંત્રની જરૂર જ ન રહે.'

☞ શિક્ષાપત્રી ઉપર આપણા આચાર્યશ્રીઓએ તથા નંદસંતોએ **ભાષ્ય** અને **ટીકા-વ્યાખ્યાઓ** કરી છે. તેની **ટૂંકી યાદી** લખીએ તો...

➠ સં. ૧૮૮૫ના કારતક સુદ - ૩થી માગશર સુદ - ૫ સુધીમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ '**અર્થદીપિકા**'

નામની ટીકા લખેલી છે.

➠ સં. ૧૮૮૬માં ફરીવાર સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ જ શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી પોતાની 'અર્થદીપિકા' ટીકાને સરળ સંક્ષિપ્ત બનાવી **'અન્વયદીપિકા'** ટીકા લખેલી છે.

➠ પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે શિક્ષાપત્રીનું **ભાષ્ય** સંસ્કૃતમાં લખી, શિક્ષાપત્રીનું વિસ્તરણ કર્યું છે.

➠ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે આ પૂર્વોક્ત **ભાષ્ય**ને સરળ બનાવતી **ટીકા** લખી છે.

➠ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે શિક્ષાપત્રીની **'ભાવપ્રબોધિની' ટીકા** સંસ્કૃતમાં લખી છે.

➠ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથને ૨૬૦ ચોપાઈમાં રચી **'શિક્ષાપત્રી ભાષા'** ગ્રંથની રચના કરી.

➠ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ ૨૧૨ **ચોપાઈ**માં આ ગ્રંથને ગૂંથી **પદ્ય**માં ફેરવેલ છે.

➠ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીએ **હિન્દી પદ્ય**માં તથા **ગુજરાતી પદ્ય**માં શિક્ષાપત્રીનું સુંદર આલેખન કરેલ છે.

➠ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ પૂરી શિક્ષાપત્રીને શ્રી **સત્સંગિજીવન ગ્રંથ**ના ચોથા પ્રકરણના ૪૪માં **અધ્યાય**માં લખેલ છે.

➠ સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકને ગુજરાતીભાષામાં રૂપાંતર કરી કુલ **૨૧૫ દોહા** બનાવેલ છે.

આ ઉપરાંત ભગવાન શ્રીહરિ પછીના દાસપંક્તિના સંતો-હરિભક્તોએ પણ શિક્ષાપત્રી પર ઘણી ઘણી **ટીકા-વ્યાખ્યા-લેખો-મહાનિબંધો** લખેલા છે.

શિક્ષાપત્રીના આધારે જોઈએ તો શ્રીજીમહારાજે પોતાના આશ્રિતોને 'મદાશ્રિતાનાં' કહી આશ્રિતોને કુલ **નવ પ્રકારે** સંબોધેલ છે. ૧. આચાર્ય ૨. આચાર્ય પત્ની ૩. રાજા ૪. ગૃહસ્થ ૫. સધવા સ્ત્રી ૬. વિધવા સ્ત્રી ૭. બ્રહ્મચારી ૮. બ્રાહ્મણ ૯. સાધુ.

આવી રીતે ભગવાન શ્રીહરિએ આપણને સર્વને સંબોધેલા છે. ઉપરના સંબોધનને **ઔપચારિક દષ્ટિએ** જોઈએ તો સૌપ્રથમ આચાર્યશ્રીનું સંબોધન કરેલું છે અને સૌથી છેલ્લે સાધુનું સંબોધન કરી ઉપદેશ આપેલો છે. તેના પરથી એ સ્પષ્ટ **સાબિત** થાય છે કે 'આચાર્યશ્રી છે તે **એન્જિન**ની જગ્યાએ છે અને સાધુ છે તે **ગાર્ડ**ની જગ્યાએ છે. વચ્ચેના સર્વેને **ડબ્બા** તરીકે જોઈએ તો આ કુલ નવ ડબ્બાની અક્ષરધામે પહોંચાડનારી **ટ્રેન** છે. પરંતુ જો આ ટ્રેનમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત એન્જિનરૂપી આચાર્યશ્રી ન હોય તો તે ટ્રેનને ટ્રેન જ ન કહેવાય, તેને ડબ્બા જ કહેવાય. તે ટ્રેન અક્ષરધામમાં ન જ પહોંચે. પછી કદાચ ગાર્ડરૂપી સાધુ લીલી ઝંડી આપે તો પણ ટ્રેન યાર્ડની બહાર ન નીકળે...તે ન જ નીકળે. માટે આચાર્યરૂપી એન્જિનને સાથે રાખીએ ત્યારે જ અક્ષરધામરૂપી ફળને પામીએ તેવું શ્રી સહજાનંદ સ્વામી મહારાજનું શિક્ષાપત્રીમાં ઉપદેશાત્મક સંબોધનનું ઊંડું રહસ્ય છે.' સાથોસાથ છેલ્લે શ્રીજીમહારાજે **આશીર્વાદ** પણ આપેલા છે કે : 'सच्छास्त्राणां समुद्धृत्य सर्वेषां सारमात्मना । पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ।।' - સર્વે શાસ્ત્રના સારરૂપ, અમારી લખેલી આ શિક્ષાપત્રી સર્વે મનુષ્ય માત્રને **મનવાંછિત ફળ**ને આપનારી છે, અને **ચારે પુરુષાર્થ**ને આપનારી છે. (શિક્ષાપત્રી શ્લોક. ૨૦૮)

તેથી તો શ્રીજીમહારાજ ગ.અં.પ્રના ૧લા **વચનામૃત**માં **આજ્ઞા** કરતા કહે છે કે, ''અમારી લખેલી જે **શિક્ષાપત્રી** તેનો **પાઠ** અમારા આશ્રિત જે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્યે કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેને નિત્યે શ્રવણ કરવું અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેને નિત્યે શિક્ષાપત્રીની પૂજા કરવી, એવી રીતે અમે શિક્ષાપત્રીમાં જ લખ્યું છે. માટે એ ત્રણમાંથી જેને ફેર પડે તેને એક ઉપવાસ કરવો, એમ અમારી આજ્ઞા છે.''

આ વાતની **નોંધ** કરતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે : **'છેલ્લિ વાત એ છે માની લેજો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રેજ્યો રે; શિક્ષાપત્રી માંહિ અમે રેશું રે, રહી એમાં સહુને સુખ દેશું રે.'** (પુરુષોત્તમ પ્રકાશ : ૪૮/૧૦)

'नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः । बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः' - અને જે કોઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાયથી વિમુખ છે. એમ સર્વે આશ્રિતોએ જાણવું. (શ્લોક - ૨૦૭)

અરે ! ખુદ ભગવાન શ્રીહરિ **શિક્ષાપત્રીનું માહાત્મ્ય** બતાવતા છેલ્લે લખે છે : 'मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ।।' - 'આ જે અમારી વાણી તે અમારું

જ સ્વરૂપ છે' એ પ્રમાણે **પરમ આદરથી** માનવી. (શ્લોક - ૨૦૯)

તેથી આપણી દરેકની પણ ફરજ બને : શિક્ષાપત્રીને શ્રીજીમહારાજનું સ્વરૂપ સમજી તેને ફરજીયાત પોતાની નિત્યપૂજામાં રાખી દરરોજ સવારે આજ્ઞા પ્રમાણે તેના ઓછામાં ઓછા **પાંચ શ્લોક**ને વાંચવા અથવા પૂજન કરવું.

☞ હવે જોઈએ શિક્ષાપત્રીનું થોડું **વિભાગીકરણ...**

| | | | |
|---|---|---|---|
| ૧. | શિક્ષાપત્રીમાં ત્રણ શ્લોક **મંગલાચરણ**ના છે (નં. ૧-૧૦૮-૨૧૨) | - | ૩ |
| ૨. | શિક્ષાપત્રીમાં **નામના નિર્દેશ** માટેના શ્લોક નં. ૨ થી ૫ છે - | ૪ | |
| ૩. | શિક્ષાપત્રીમાં **હેતુનાં નિર્દેશ** માટેના શ્લોક નં. ૬ થી ૧૦ છે- | ૫ | |
| ૪. | શિક્ષાપત્રીમાં સર્વ સામાન્ય **વિધિ-નિષેધ**ના શ્લોક નં. ૧૧ થી ૯૨ છે | - | ૮૨ |
| ૫. | શિક્ષાપત્રીમાં **સત્શાસ્ત્રોના નિર્દેશ**ના શ્લોક નં.૯૩ થી ૧૦૨ છે | - | ૧૦ |
| ૬. | શિક્ષાપત્રીમાં **ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય**ના શ્લોક નં. ૧૦૩ થી ૧૦૪ છે | - | ૨ |
| ૭. | શિક્ષાપત્રીમાં **જીવ, માયા, ઈશ્વર**ના શ્લોક નં. ૧૦૫ થી ૧૦૭ છે | - | ૩ |
| ૮. | શિક્ષાપત્રીમાં **એકેશ્વરવાદ** નિરૂપણના શ્લોક નં. ૧૦૯ થી ૧૧૨ છે | - | ૪ |
| ૯. | શિક્ષાપત્રીમાં **સમજણ** માટેના શ્લોક નં. ૧૧૩ થી ૧૨૨ છે | - | ૧૦ |
| ૧૦. | શિક્ષાપત્રીમાં **આચાર્ય ધર્મ**ના શ્લોક નં. ૧૨૩ થી ૧૩૨ છે | - | ૧૦ |
| ૧૧. | શિક્ષાપત્રીમાં **આચાર્યપત્નીના ધર્મ**ના શ્લોક નં. ૧૩૩ થી ૧૩૪ છે | - | ૨ |
| ૧૨. | શિક્ષાપત્રીમાં **ગૃહસ્થાશ્રમ ધર્મ**ના શ્લોક નં. ૧૩૫ થી ૧૫૬ છે | - | ૨૨ |
| ૧૩. | શિક્ષાપત્રીમાં **શાસનકર્તાઓના ધર્મ**ના શ્લોક નં. ૧૫૭ થી ૧૫૮ છે | - | ૨ |
| ૧૪. | શિક્ષાપત્રીમાં **સધવા સ્ત્રી ધર્મ**ના શ્લોક નં. ૧૫૯ થી ૧૬૨ છે | - | ૪ |
| ૧૫. | શિક્ષાપત્રીમાં **વિધવા સ્ત્રી ધર્મ**ના શ્લોક નં. ૧૬૩ થી ૧૭૨ છે | - | ૧૦ |
| ૧૬. | શિક્ષાપત્રીમાં **સધવા-વિધવા સ્ત્રી ધર્મો**ના શ્લોક નં. ૧૭૩ થી ૧૭૪ છે | - | ૨ |
| ૧૭. | શિક્ષાપત્રીમાં **બ્રહ્મચારી ધર્મો**ના શ્લોક નં. ૧૭૫ થી ૧૮૭ છે | - | ૧૩ |
| ૧૮. | શિક્ષાપત્રીમાં **સાધુના ધર્મો**ના શ્લોક નં. ૧૮૮ થી ૧૯૬ છે | - | ૯ |
| ૧૯. | શિક્ષાપત્રીમાં **સાધુ-બ્રહ્મચારીના ધર્મો**ના શ્લોક નં. ૧૯૭ થી ૨૦૨ છે | - | ૬ |
| ૨૦. | શિક્ષાપત્રીમાં **ઉપસંહાર**ના શ્લોક નં. ૨૦૩ થી ૨૧૧ છે - | ૯ | |
| | **કુલ**------------------------------------------------------------------- | | **૨૧૨** |

ભગવાન શ્રી સ્વામિનારાયણે જ્યારે **શિક્ષાપત્રી** લખી ત્યારે વડતાલમાં જ સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામી, સ.ગુ. શ્રી શુકાનંદ સ્વામી આદિક મોટા વિદ્વાન સંતોને શિક્ષાપત્રી આપીને **ભૂલ શોધવાનું** કહ્યું. અને નાની સરખી વ્યાકરણ કે કાનામાતરની ભૂલ શોધે તેને છાતીમાં **ચરણારવિંદ** આપવાના તેમજ **પ્રસાદિનો થાળ** આપવાનો. આમ, આ શરતે સૌ સંતો શિક્ષાપત્રીમાં ભૂલ શોધવા લાગ્યા પણ સ્વયં પરબ્રહ્મ નારાયણે જેનું આલેખન સ્વહસ્તે કર્યું હોય તેમાં ભૂલ ક્યારેય મળે ખરી ? અને જ્યારે શિક્ષાપત્રીમાં **એકપણ ભૂલ ન મળી** ત્યારે સંતોએ હાથ જોડીને શ્રીજીમહારાજને કહ્યું : "હે મહારાજ ! આપના દ્વારા લખાયેલ આ શિક્ષાપત્રીમાં વ્યાકરણ તો શું પણ કાનામાતરની પણ ભૂલ કે ક્ષતિ નથી. અને આ શિક્ષાપત્રી તો સર્વે જનના માટે સર્વ દેશે, સર્વ કાળે **સદૈવ સુખદાયી** જ છે."

આમ, આવા મોટા સંતો જેમાંથી ભૂલ ન શોધી શક્યા હોય કે કોઈ સુધારો કરવાની નિશાની જ ન બતાવી શકે, ત્યારે આપણે પણ આ શિક્ષાપત્રીને સર્વ રીતે સર્વ કાળે સાનુકૂળ સમજી તેમાંથી ભૂલ ન શોધતા તથા યુગ પ્રમાણે કે સમય પ્રમાણે એ ભગવાન શ્રીહરિના શબ્દોમાં સુધારાની શક્યતાને ભૂલી આપણે આપણા જ જીવનની ભૂલોને સુધારી લેવા તે શિક્ષાપત્રીના આદેશ પ્રમાણે જીવન બનાવી; શ્રીજીમહારાજના **રાજીપાના પાત્ર** બનીએ એજ **અભ્યર્થના.**



## વાસંતી કુંદકળીઓ ફેલાવે છે

# મોક્ષની સુવાસ



પાર્ષદ સંદિપ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

કૃપાનિધાન મહાપ્રભુ કરુણાધીન થઈ આ પૃથ્વી પર **અનંતજીવોના શ્રેય માટે** પધાર્યા અને અનંતકાળ સુધી અસંખ્ય જીવાત્માઓના કલ્યાણ થતા રહે તેવા અદ્વિતીય ઉપાયોથી મોક્ષના અક્ષુણ્ણ ધોરીમાર્ગને વહેતો કર્યો. તેના ઉપાયોનું **એક સોપાન** એટલે **પરબ્રહ્મગીરા શિક્ષાપત્રી...!!!**

ગઢડા પ્રથમ પ્રકરણના ૧લા વચનામૃતમાં **ભગવાન શ્રીહરિ** બતાવે છે કે, જીવને **સૌથી શ્રેષ્ઠ** કોઈ **પ્રાપ્તિ** હોય તો તે એ છે કે 'ભગવાનના સ્વરૂપમાં **અખંડવૃત્તિ** રહેવી' અર્થાત્ એકક્ષણના કોટિમા ભાગપર્યંત પણ ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાત્રનો સંકલ્પ સુધા ન થાય. પણ હા, ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી એ કાંઈ સહેલું નથી. યુગોથી અનેક સાધકોએ મૂર્તિને સાધવા માટે **અનેક પ્રકારના દાખડા** કર્યા છે. રાજપાટ, સુખ-સમૃદ્ધિ અને સાયબીઓ મૂકીને જંગલમાં જઈને શરીરને સુકવી નાખ્યા છે. હઠયોગ સ્વીકારીને આસન વાળીને વર્ષો સુધી બેસીને માથે રાફડા જામી ગયા છે. અરે ! અનેક સાધકો તો આ દેશમાં એવા થયા છે કે ભગવાન સિવાય બીજો કોઈ સંકલ્પ થયો તો પોતાના અંગોને છેદી નાખ્યા છે. આવી તો સેંકડો પ્રકારની સાધનાઓ કરવા છતાં પણ મર્કટમનને સ્થિર કરતા કરતા જન્મો વીતાવી દીધા, પરંતુ અંતે નિષ્ફળતા અને કોઈને **સફળતા** મળી તે પણ ક્યારે તો જ્યારે જીવ થાકીને લોથપોથ થઈ ગયો ત્યારે...!!!

જન્મો સુધીની આવી **મહામુશ્કેલ સાધના** પછી પણ જો ભગવાનમાં અખંડવૃત્તિ રાખવામાં મોટા-મોટા માંધાતાઓને પણ જો મન સંતાકૂકડી રમાડતું હોય તો પછી બીચારા સામાન્ય જીવો તો ભગવાનના માર્ગે ચાલી જ ક્યાંથી શકે ?

મોક્ષની આ જટિલ સમસ્યા પર મનીષીઓ યુગોથી ચિંતન કરતા આવ્યા છે. તેમણે **અનેક શાસ્ત્રો** રચ્યા છે તેમાં અનેક પ્રકારની **યુક્તિઓ** પણ દેખાડી છે અને તે યુક્તિઓને ઘણા બધા મુમુક્ષુઓએ અજમાવી પણ છે. તેમ છતાં પરિણામ ૦.૦૦૦૦૦૦૧% જ આવ્યું છે. કારણ કે, મન એવું બદમાશ છે કે તે ઘડીભર પણ ઝંપી નથી શકતું તો ભગવાનમાં અખંડવૃત્તિ તો ક્યાંથી રાખી શકે ? પરિણામે મોક્ષના માર્ગમાં ગાબડું પડી ગયું અર્થાત્ અસંખ્ય જીવોએ મન સામે કરેલા થોડા સંઘર્ષ પછી હાર સ્વીકારી લીધી અને તેને આધીન થઈ ગયા. અને માયાજન્ય મને તો બધા પર **પ્રશ્નાર્થચિહ્ન** જ મૂકી દીધું !! અર્થાત્ જીવ નાસ્તિક થઈ જાય. ભગવાનના માર્ગે સાવ નિષ્ક્રિય થઈ જાય. દયાળુ ભગવાન શ્રીહરિ જીવોની આવી **બત્તર હાલત** કેવી રીતે જોઈ શકે ? તેમણે જીવને પોતાના સ્વરૂપનું **અપાર સુખ** આપવા માટે વિચાર કર્યો કે મનની મારા સ્વરૂપમાં **અખંડવૃત્તિ** નથી રહેતું એનું જો કોઈ કારણ હોય તો તે છે માયાના ત્રણ ગુણ. અને તેમાં પણ કળિયુગી વાતાવરણમાં **તમોગુણની પ્રધાનતા** છે તેથી કળિયુગના માણસના માનસપટ પર તમોગુણનો અધિક પ્રભાવ છે. માટે તે નિર્ગુણ એવા મારા સ્વરૂપમાં વૃત્તિ નથી રાખી શકતો. હવે એ **જીવોની હાલત** પેલા બંધિયાર **ગટરના દેડકા જેવી** થઈ છે કે, જે બહારનું કાંઈ જોઈ નથી શકતો એટલે તેણે ગટરના પાણીને જ પોતાનું સર્વસ્વ માની લીધું છે. પણ એને જો કોઈ ગટરમાંથી સમુદ્રના વિશાળ જળસમૂહમાં જવાનું કહે તો તે જઈ ન શકે અને કદાચ જાય તો સમુદ્રના મોજાંના નિયમની એને ખબર નથી એટલે ત્યાં રહી ન શકે. એ ફરીને પાછો ગટરમાં આવે ત્યારે જ નિરાંત થાય. પણ તે બધાથી પહેલા તો તે સમુદ્ર જેવું કંઈક અસ્તિત્વ છે એવું સ્વીકારવા જ તૈયાર ન થાય અને જો કદાચ સ્વીકારે તોપણ ગટર કરતા વધારે સુખ ત્યાં હોઈ શકે એ વાત એના ગળા હેઠે ન ઉતરે.

જીવોની પણ આ દેડકા જેવી **દુર્દશા** જોઈ એટલે **કરુણાસિંધુ** ભગવાન શ્રીહરિએ વિચાર્યું કે, આ જીવોને તમોગુણમાંથી સીધા નિર્ગુણ સુધી લઈ જવા એ તો મોભારના પાણી નેવે ચઢાવવા જેવું છે. આ લોકના ઉપાયોથી આ કાર્ય નહિ થાય, આના માટે તો મારે અક્ષરધામમાંથી લાવેલા **દિવ્ય ઉપાયો** અજમાવવા પડશે અને એ દિવ્ય ઉપાયો એટલે **શિક્ષાપત્રીની એક-એક આજ્ઞા...!!!**

ભગવાન શ્રી સ્વામિનારાયણે જોયું કે તમોગુણી માણસ **હેવાન** જેવો થઈ જાય છે તે **હિંસાખોર** થઈ જાય છે અથવા તો અતિ ક્રોધને આધીન થઈને પોતે આત્મહત્યા પણ કરી લે છે અને મહામૂલા માનવદેહને ગુમાવી દે છે. એટલા માટે ભગવાન શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પ્રથમ જ **આજ્ઞા** કરી કે :

'कस्यापि प्राणिनो हिंसा नैव कार्यात्र मामकैः।
सूक्ष्मयूकामत्कुणादेरपि बुद्ध्या कदाचन ॥११॥
देवतापितृयागार्थमप्यजादेश्च हिंसनम् ।

न कर्तव्यमहिंसैव धर्मः प्रोक्तोऽस्ति यन्महान् ॥१२॥
स्त्रिया धनस्य वा प्राप्त्यै साम्राज्यस्यापि वा क्वचित् ।
मनुष्यस्य तु कस्यापि हिंसा कार्या न सर्वथा ॥१३॥
आत्मघातस्तु तीर्थेऽपि न कर्तव्यश्च न क्रुधा ।
अयोग्याचरणात्क्वापि न विषोद्बन्धनादिना ॥१४॥'

અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ **હિંસા** ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન કરવી. ॥૧૧॥ અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે **અહિંસા છે તે જ મોટો ધર્મ છે** એમ **સર્વ શાસ્ત્ર**માં કહ્યું છે. ॥૧૨॥ અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥૧૩॥ અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મુંઝાઈને પણ **આત્મઘાત** ન કરવો અને ઝેર ખાઈને તથા ગળે ટુંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

ઉપરોક્ત ત્રણ શ્લોકથી શ્રીજીમહારાજે પ્રત્યક્ષ જીવ હિંસાનો સર્વથા નિષેધ કરીને મનને પોતાનો **તમોગુણ** વ્યક્ત કરવાના **માધ્યમો પર** તો **તાળા** જ મારી દીધા. જેમ સખત પહેરાથી કેદ આતંકવાદી જ્યારે **આતંક** મચાવવામાં **નિષ્ફળ** થાય છે ત્યારે તે ક્રોધના આવેગમાં આવીને જેમ આત્મહત્યા કરી લે છે તેમ દરેક તમોગુણી માણસ એકદમ પોતાના કાર્ય પર લાગેલી લગામોથી લાચાર થઈને ક્યાંક આત્મહત્યા ન કરી લે એ વાતનો ડર હતો એટલા માટે ભગવાન શ્રીહરિએ પછી તરતના **શ્લોક**માં લખી નાખ્યું કે, મારા આશ્રિતે કોઈપણ પ્રકારે આત્મઘાત ન કરવો. ગમે તેવો ક્રોધ વ્યાપી જાય તોપણ અને ગમે તેવું અયોગ્ય આચરણ થઈ જાય તોપણ નહિ.

માત્ર આત્મઘાત ન કરવો એટલું જ નહિ, પણ કાંઈક અયોગ્ય આચરણ થઈ જાય તોપણ આવેશમાં આવી જઈને બીજાના અથવા તો પોતાના અંગને કાપી ન નાખવા. અર્થાત્ બીજા કોઈને કે પોતાને કોઈ પ્રકારની ઈજા ન પહોંચાડવી. (શ્લોક - ૧૬)

તમોગુણી માનસ પર **ઝેડ પ્લસ સિક્યુરીટી** પણ મૂકી દીધી અને તેને નિઃશસ્ત્ર પણ કરી દીધું પણ આ તો માત્ર એની **અટકાયત** હતી. હજુ તો તમોગુણને જડમૂળમાંથી કાઢવાનો બાકી છે. માટે ભગવાન શ્રીહરિએ સૌપ્રથમ વિચાર્યું કે, મન તમોગુણી કેમ થાય છે ? એમણે જોયું કે મનના તામસી થવા પાછળનું જો કોઈ કારણ હોય તો એ છે 'પંચઈન્દ્રિયોનો તામસી આહાર.' (વચ. ગ.પ્ર. ૧૮) માટે જો પાંચેય ઈન્દ્રિયોના તામસી આહારને અટકાવવામાં આવે તો જરૂર મનની વિકૃતિ અટકી જાય. એટલા માટે **તમોગુણી આહાર બંધ કરવા** આવશ્યક છે અને તેમાં પણ જો સૌથી વકરેલી ઈન્દ્રિય હોય તો તે છે 'રસના.' માટે તેના **આહારની શુદ્ધિ** પ્રથમ આવશ્યક છે એમ જાણીને ભગવાન શ્રીહરિ લખે છે : 'न भक्ष्यं सर्वथा मांसं यज्ञशिष्टमपि क्वचित् । न पेयं च सुरामद्यमपि देवनिवेदितम् ॥१५॥' - અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું.

તમોગુણી વૃત્તિનો નાશ થયા પછી મનની **રજોગુણ**માં **પ્રવૃત્તિ** સ્વાભાવિક જ હતી. ચોરી, વ્યભિચાર, વ્યસન, જુગાર, રસાસ્વાદની લોલુપતા, વાણીનો વિલાસ વગેરે અનેક **રજોગુણના મુખ્ય-મુખ્ય કાર્યો**નો **ઉચ્છેદ** મહાપ્રભુ શ્રીહરિએ શ્લોક ૧૭ થી ૨૨ સુધીમાં કર્યો છે.

જેમાં કોઈપણ પ્રકારે ચોરી કરવાનો નિષેધ કરી નાખ્યો. અરે ! ત્યાં સુધી લખે છે કે, ભગવાનને અર્પણ કરવા માટે પણ કોઈના માલિકીની કોઈપણ વસ્તુ તેના માલિકને પૂછ્યા વગર ન લેવી. (શ્લોક - ૧૭) કોઈપણ સ્ત્રીપુરુષોએ ક્યારેય પણ વ્યભિચાર ન કરવો, કોઈપણ પ્રકારનો જુગાર ન રમવો, કોઈપણ પ્રકારનું વ્યસન ન કરવું. વાણીના વિલાસને રોકવા માટે ભગવાન શ્રીહરિએ શ્લોક ૨૦માં પણ કોઈ ઉપર મિથ્યા અપવાદ એટલે કે ખોટી આળ નાખવા પર પ્રતિબંધ કરીને ત્યાં સુધી કહ્યું કે, અમારા આશ્રિતે ક્યારેય પણ અપશબ્દ ન બોલવો, કોઈને ગાળ ન દેવી. શ્લોક - ૨૧માં શ્રીજીમહારાજે કોઈપણ દેવતા, તીર્થસ્થાનો, બ્રાહ્મણો, પતિવ્રતા સ્ત્રીઓ, સંતો કે વેદની નિંદા કરવા અને સાંભળવાનો નિષેધ કરીને વાણી અને શ્રવણ બંનેને મહાઅનર્થથી બચાવી લીધા.

હવે રજોગુણની પ્રવૃત્તિ તો અટકી ગઈ પણ હજી મનની **રજોગુણીવૃત્તિ**નો **નાશ** નથી થયો. કારણ કે, હજુ જીહ્વા તો રજોગુણી આહાર જોઈ જોઈને મનને લલચાવતી રહેતી હતી. અને મન પણ જીહ્વાને આધીન થઈને તેને અનેક પ્રકારના રસાસ્વાદમાં સાથ આપતું હતું. માટે વિચક્ષણ મહાપ્રભુને થયું કે, મારા આશ્રિતો જ્યાં-ત્યાં જે-તે યોગ્ય-અયોગ્ય બધું ખાઈ લેશે તો તે હીન તમોગુણી કે રજોગુણી વ્યક્તિઓએ અનેક કુવિચારો કરતા કરતા બનાવેલું ભોજન જ મનને રજોગુણી કરી મૂકે છે. માટે ફરીવખત **વૈદિક ધર્મ**ને જીવંત કરીને **વર્ણાશ્રમ ધર્મના શ્રીગણેશ** કરી દઉં. આવું વિચારીને ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્લોક - ૧૯માં લખે છે કે, 'ભગવાનની પ્રસાદીના માહાત્મ્યે કરીને પણ જેના હાથનું કે જેના પાત્રનું અન્નજળ પોતાને ન ખપતું હોય તેના હાથનું

અન્નજળ ક્યારેય ન લેવું.'

વળી, જે દેવતાને નૈવેદ્યમાં દારુ-માંસ ધરાવાતા હોય અર્થાત્ દારુ-માંસનો થાળ થતો હોય તે દેવતાની પ્રસાદી ભલે તે દારુ-માંસ ન હોય, ભલે તે બ્રાહ્મણોએ બનાવેલું અન્ન હોય તોપણ ન લેવી. હવે રજોગુણના બધા દ્વારને **ફૂલસ્ટોપ** લાગી ગયું...!!!

હવે મનને ભગવાનના અસ્તિત્વમાં પ્રતીતિ આવવા માંડે એ તો સહજ છે. કારણ કે, હવે મન ધીરે-ધીરે **સત્ત્વગુણના પંથે** પ્રગતિ કરી રહ્યું છે. હા, સત્ત્વગુણ માયિક જરૂર છે, તેમ છતાં ભગવાનના દર્શન સત્ત્વગુણથી શક્ય બને છે. શાસ્ત્રકારો પણ કહે છે **'સત્ત્વં યદ્ બ્રહ્મ દર્શનમ્.'** પરંતુ ભગવાનના માર્ગે પા પા પગલી કરતા જીવને હજુ **ભગવાનની ઓળખાણ** નથી. આખીર પરબ્રહ્મ તત્ત્વ છે શું? એનું તેને જ્ઞાન નથી. હા, રજોગુણની નિવૃત્તિના પ્રભાવથી તે આસ્તિક જરૂર થયો છે પણ તેને જો સીધું જ ભગવાનના સર્વોપરીપણાનું જ્ઞાન આપી દેવામાં આવે તો વધારે પડતા યુરિયા ખાતરથી જેમ કોમળ છોડવા બળી જાય તેમ તે ફરી પાછો રજોગુણી કે તમોગુણી થઈ જવાની પૂરી સંભાવના રહે. માટે ભગવાન શ્રીહરિ પહેલા નાદાન મનને **પોતાની વિભૂતિઓ પ્રત્યે આદર** દાખવવા શીખવે છે. તેઓ કહે છે : 'दृष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि । प्रणम्यं तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥२३॥' - અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું.

આદરથી કરેલા દેવદર્શનથી મનુષ્યમાં તે દેવો પ્રત્યે આદરભાવ વધે છે. તેનાથી તે તે દેવોમાં રહેલા **શુભગુણો** મનુષ્યમાં આવે છે અને મોક્ષમાર્ગનું એક વધુ **સોપાન** સર કરે છે. આમ વિચારીને શ્રીજીમહારાજે ઉપરોક્ત **આજ્ઞા** કરી.

નમ્રતાથી લચકતા મનને પોતાના અનેક અભદ્ર વ્યવહારો પ્રત્યે ઘૃણા ઉપજે છે અને તેની સ્થિતિ અતિ દ્વિધાયુક્ત થઈ જાય છે. તેને હવે તેના બધા અભદ્ર વ્યવહારો છોડી દેવા છે પણ તે બધું છોડવું કેવી રીતે? અને છોડીને કરવું શું? આવા અનેક પ્રશ્નોના વંટોળિયામાં અટવાતા મનને એક **સચોટ માર્ગ** દર્શાવતા ભગવાન શ્રીહરિ, તેને વેદોએ પ્રતિપાદિત કરેલા પોતાના **વર્ણાશ્રમધર્મ**ને જ અનુસરવા સૂચવે છે; અને વચ્ચે-વચ્ચે અધર્મથી બચવાની નીતિ પણ શીખવે છે. શુદ્ધાચરણે યુક્ત **દિનચર્યા** પણ શીખવે છે, અને **જીવનચર્યા** પણ શીખવે છે.

સ્વયં ભગવાને બતાવેલા આ મોક્ષના રાજપથ પર **મન** જેમ-જેમ આગળ વધતું જાય છે તેમ-તેમ **શુદ્ધ સત્ત્વગુણમય** થતું જાય છે. માટે હવે તે જીવને અનુસરવા માંડે છે એટલે હવે ખરા અર્થમાં તે જીવ **બ્રહ્મજ્ઞાન**નો **અધિકારી** થઈ જાય છે. હવે શ્રીજીમહારાજ જીવને બ્રહ્મજ્ઞાનના સ્રોત સમાન મહાન સત્શાસ્ત્ર તરફ **અંગુલી નિર્દેશ** કરીને આત્મકલ્યાણ માટે તે સ્રોત રૂપ શાસ્ત્રોના અધ્યયન, અધ્યાપન અને શ્રવણ કરવા માટે **ઉપદેશ** કરે છે. (શ્લોક-૯૩ થી ૯૬)

ત્યારબાદ આધ્યાત્મિક માર્ગમાં તે **શાસ્ત્રોનો ઉપયોગ** કેવી રીતે કરવો તે વાત ૯૭ થી ૧૦૨ સુધીના શ્લોકમાં કહે છે. અને તેમાં પણ છેલ્લા બે શ્લોકોમાં તે તમામ શાસ્ત્રોનું **સૈદ્ધાંતિક રહસ્ય** બતાવી દીધું.

તમામ શાસ્ત્રોનું રહસ્ય **માત્ર બે શ્લોક** એટલે ૬૪ અક્ષરોમાં યથાર્થ અને સ્પષ્ટપણે કહી દેવું તે પણ એ જ વાત બતાવે છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણ **'સર્વોપરી ભગવાન'** છે. કારણ કે, શાસ્ત્રોનો સ્પષ્ટ ગલિતાર્થ આટલો સંક્ષિપ્તમાં કહી દેવો તે અતિ **અસામાન્ય વાત** છે; એ મનુષ્યથી શક્ય જ નથી.

આ તમામ શાસ્ત્રોમાં અતિ જટિલતાથી વર્ણવેલા ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યના સ્વરૂપને કળિયુગના અલ્પાયુમાં બધા જીવોને સમજવા **મુશ્કેલ** થઈ પડશે. કારણ કે, ઉપરની દૃષ્ટિએ જોઈએ તો તે બધા શાસ્ત્રોમાં **અલગ-અલગ વ્યાખ્યાઓ** કરી હોય તેવું ભાસે અને કદાચ જો અલગ-અલગ ન ભાસતી હોય તો પણ તેને સમજવી અતિ ગહન છે. કારણ કે શાસ્ત્રોમાં તે વ્યાખ્યાઓ ખૂબજ વિસ્તારથી લખેલી છે. અને આ અલ્પાયુ-મનુષ્યકાળમાં માણસોને તે સમજવામાં જીવન વ્યતીત થઈ જાય, તેમ છતાં પણ તે સમજાય કે ન પણ સમજાય એટલા માટે કૃપાનિધાન **'સર્વશાસ્ત્રવિદ્'** ભગવાન શ્રીહરિએ **માત્ર બે જ શ્લોકો**માં વિદ્વાનોને આશ્ચર્ય પમાડે તેવી અને ગામડાના અભણ માણસ પણ સમજી શકે તેવી **સચોટ** ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની **પૃથક-પૃથક વ્યાખ્યા** કરી દીધી.

ત્યારપછીના શ્લોકમાં પરમસાધ્ય પરમાત્માના સ્વરૂપની ઝાંખી કરાવી છે અને તે પછીના પાંચ શ્લોકોમાં ભગવાનના **વિવિધ સ્વરૂપો**નું અને **અવતારો**નું વર્ણન કર્યું છે. અહીં તે જીવાત્માને **પરમાત્મ-સ્વરૂપની ઓળખાણ** કરાવ્યા પછી હવે સર્વેશ્વર મહાપ્રભુ શ્રીહરિ શિક્ષાપત્રીના મધ્યભાગમાં ચાર શ્લોકોથી આત્યંતિક કલ્યાણના **પરમ રહસ્ય**ને માત્રને માત્ર આપણા કલ્યાણ માટે ખુલ્લું મૂકે છે : 'तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि । निःश्रेयसकरं किञ्चित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥११३॥' - હે ભક્તજનો ! પરમ પુરુષ પરમાત્માની ભક્તિ આ પૃથ્વી ઉપર તમામ મનુષ્યે કરવી તેનાથી બીજું અધિક કલ્યાણકારી સાધન કાંઈ છે જ નહિ. મનુષ્ય ગમે તે પ્રકારના **સદ્‌ગુણો** અર્જીત કરે, ગમે તેટલી **વિદ્યાઓ** પ્રાપ્ત કરે તે બધાનું અંતિમફળ ભગવાનની **ભક્તિ** કરવી અને **સત્સંગ** કરવો એ જ

છે અને જો ભગવાનની ભક્તિ અને સત્સંગ ન થાય તો તે બધી વિદ્યા નિષ્ફળ છે. (શ્લોક - ૧૧૪)

પણ સાવધાન ! સત્સંગ કરતાં કરતાં સત્સંગ કરાવનાર વ્યક્તિમાં તું એટલું બધું હેત ન બાંધી લઈશ કે ભગવાનથી પણ તે અધિક થઈ જાય. કારણ કે, જેની સાથે હેત બંધાય ત્યારે દિવસ-રાત તેના જ સંકલ્પ થાય એ સ્વાભાવિક છે અને પછી ધ્યાન પણ એનું જ થવા માંડે એ વાત મુમુક્ષુને મોક્ષપથ પર સૌથી મોટું વિઘ્ન છે માટે ભગવાન શ્રીહરિ લખે છે : 'कृष्णस्तदवताराश्च ध्येयास्तत्प्रतिमापि च । न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥११५॥' - ભગવાન અને ભગવાનના અવતાર તે જ ધ્યાન કરવા યોગ્ય છે માટે મુમુક્ષુઓએ પ્રત્યક્ષ ભગવાનનું જ ધ્યાન કરવું, પરંતુ તે વિના ગમે તેવા મોટા દેવ હોય અથવા તો ગમે તેવી બ્રહ્મસ્થિતિને પામી ગયેલા સાધુ હોય તોપણ તેનું ધ્યાન ક્યારેય ન કરવું.

ભગવાન શ્રી **વેદવ્યાસ** પણ લખે છે કે : 'आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः । इदमे कं सुनिष्पन्नं ध्येयो नारायणो हरिः ।।' - અર્થાત્ બધા શાસ્ત્રોનું મંથન કરીને **અંતિમ સાર** એ કાઢ્યો છે કે એક નારાયણ જ ધ્યાન કરવા યોગ્ય છે. સ.ગુ. શ્રી **ગોપાળાનંદ સ્વામી** પણ કહે છે કે, 'ઐશ્વર્યવાનનું ધ્યાન ન થાય ને ધ્યાન તો પ્રત્યક્ષ મૂર્તિનું જ થાય.' (૧/૧૪૭)

હવે શ્રીજીમહારાજ જે શ્લોક લખવા જઈ રહ્યા છે તે દરેક જીવાત્માની અંતિમ ગતિ છે. એ સ્થિતિ જો જીવ પ્રાપ્ત કરી લે તો જીવ જીવન્મુક્ત થઈ જાય એને પછી બીજું કાંઈ કરવાનું બાકી જ નથી રહેતું..., એ કૃતાર્થ થઈ જાય છે..., પૂર્ણ થઈ જાય છે. એવું શું છે એ શ્લોકમાં ? આવો જોઈએ. ભગવાન શ્રીહરિ લખે છે : 'निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् । विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥११६॥' - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી.

આ સ્થિતિ સુધી પહોંચ્યા પછી જીવ તમામ હેય-ઉપાધિથી પર થઈ જાય છે. એને નથી રહેતી કોઈપણ પ્રકારની વ્યવહારિક ચિંતા કે નથી રહેતી આંતરિક દોષોની પજવણી. તેના માટે માન-અપમાન, ભૂખ-તરસ, સુખ-દુઃખ બધુ સમાન થઈ જાય છે. અહીંથી લઈને પ્રકૃતિ પુરુષના લોક સુધી તેને કોઈપણ વિષયમાં પ્રીતિ નથી થતી. એનું રમણ તો બસ ભગવાન શ્રીહરિની સલૂણી મૂર્તિમાં જ હોય છે.

શ્લોક - ૧૧થી આરંભીને ૧૧૬ સુધીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે અધમજીવને પણ **બ્રહ્મસ્થિતિ** સુધી પહોંચવા માટેની **'ફોર્મ્યુલા'** બતાવી દીધી. વિશ્વના કોઈપણ શાસ્ત્રમાં આટલી **સરળ** અને **સહજ** મોક્ષની વાત ક્યાંય પણ નજરે નથી ચઢતી. તેમાં પણ **આત્યંતિક કલ્યાણ**ની વાત તો ક્યાંય જ નહિ...!!!

યુગો સુધી આ પ્રમાણેની **દિવ્ય પરંપરા**નો લાભ બધાને મળતો રહે અને સાથે-સાથે સૃષ્ટિના આરંભકાળમાં જ ભગવાને જીવના કલ્યાણ માટે જે ઉપદેશ કર્યો તે **વેદો**ની **પરંપરા** પણ અક્ષુણ્ણ જળવાઈ રહે તે માટે હવે પછીના શ્લોકોમાં વર્ણાશ્રમના ધર્મો અને આચાર્ય, ત્યાગી-ગૃહી તેમ વિભાગ કરીને પૃથક-પૃથક કહે છે : 'इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः । यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥२०५॥' - અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું. પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. આવો **'સ્ટ્રોંગ ઓર્ડર'** કરીને તમામ વર્ણાશ્રમ ધર્મોને **ભાગવતધર્મ** બનાવી દીધા. અને શ્રીજીમહારાજે સ્વયં વચનામૃતમાં કહ્યું છે કે, ભાગવતધર્મ અને ભક્તિ બંને એક છે. (ગ.અં. ૨૧) માટે જે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તે છે તે નિશદિન ભગવાનની ભક્તિમાં જ સંલગ્ન છે, તેને ભગવાનને રાજી કરવા માટે બીજું કાંઈ વિશેષ કરવાનું રહેતું જ નથી.

વિશ્વના સૌથી મહાન ગ્રંથ **શિક્ષાપત્રી**નો ઉપસંહાર લખતા **ભગવાન શ્રી સ્વામિનારાયણ** કહે છે : 'मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥२०९॥' - અર્થાત્ આ શિક્ષાપત્રી એ કોઈ પુસ્તક નથી પણ સાક્ષાત્ 'હું પોતે જ છું' તેમ પરમ આદર થકી આને માનજો. મહાપ્રભુ શ્રીહરિનો કહેવાનો **તાત્પર્ય** એ છે કે, માનુષિકલીલાને સંકેલી હું જ્યારે આ લોકમાંથી અંતર્ધાન થાઉં ત્યારપછી પણ આ મહાન ગ્રંથના માધ્યમથી હું હરહંમેશ મને અતિશય પ્રિય એવા મારા ભક્તોની રક્ષામાં જ છું...!!!

શ્રીમદ્ **ભગવદ્ ગીતા**માં ભગવાન શ્રીકૃષ્ણે માત્ર એક અર્જુનને જ કહ્યું હતું કે - 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।' - હે અર્જુન ! તું તારા મનના માનેલા સર્વ ધર્મ મૂકી એક મારા જ શરણે આવી જા. હું તને સર્વ પાપ થકી મુકાવીશ અને મોક્ષ પમાડીશ. તું શોક મા કર.

શિક્ષાપત્રીમાં સર્વોપરી ભગવાન **શ્રીહરિ** કહે છે : 'वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा । ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम् ॥२०६॥' - કોઈ એક નહિ પણ કોઈપણ મનુષ્ય મારા **દૃઢ આશ્રિત** થઈને હું જેમ કહું તેમ કરશે. (અર્થાત્ આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે) તેમને હું ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ **ચારેય પુરુષાર્થની સિદ્ધિ** અવશ્યમેવ કરાવીશ....!!!

વાસંતી કુંદકળીઓ પ્રસરાવે છે

# ગુરુની ગરિમા



પાર્ષદ સુહૃદ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ભારત દેશ વિશ્વમાં સૌથી **મહાન દેશ** છે. તેનું જો કોઈ કારણ હોય તો તે છે **'વૈદિક સંસ્કૃતિ.'** જે ભારતના ધર્મગ્રંથોમાં સમાયેલી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ **ધર્મગ્રંથો**ને ખૂબ આદર આપતા અને તેઓએ **ચાર વેદો, અઢાર શાસ્ત્રો, છ પુરાણો, ઈતિહાસો** - તમામનો **સાર** કાઢી કાઢીને અદ્‌ભુત **'શિક્ષાપત્રી'નું આલેખન** કર્યું.

આ શિક્ષાપત્રીનું આલેખન કરતી વખતે ભગવાન શ્રીહરિએ વેદોનો સંદેશ **'ગુરુદેવો ભવ'** લોકો સુધી પહોંચાડવા માટે લોકોને ગુરુની શું ગરિમા છે ? એ બતાવવા માટે પોતાના હસ્તે રહેલી કલમને સહેજ વળાંક આપ્યો અને શિક્ષાપત્રીમાં એ કલમ દ્વારા **અદ્‌ભુત શબ્દો** ટાંક્યા :

'अपमानो न कर्तव्यो गुरूणां च वरीयसाम् । लोके प्रतिष्ठितानां च विदुषां शस्त्रधारिणाम् ॥३५॥' - અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું.

'गुरुदेवनृपेक्षार्थं न गम्यं रिक्तपाणिभिः । विश्वासघातो नो कार्यः स्वश्लाघा स्वमुखेन च ॥३७॥' - અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાના વખાણ ન કરવા.

'नोरौ कृत्वा पादमेकं गुरुदेवनृपान्तिके । उपवेश्यं सभायां च जानू बद्ध्वा न वाससा ॥७०॥' - અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું.

અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર જો કોઈ હોય તો તે **'ગુરુ'** છે. જો વાયુ બેકાબુ બને તો વંટોળીયાનું (પ્રચંડ તોફાનનું) નિર્માણ કરે છે, ચિનગારી જો બેકાબુ બને તો જ્વાળામુખીનું નિર્માણ કરે છે, જળ બેકાબુ બને તો મહા તોતિંગ પૂરનું રૂપ ધારણ કરે છે. જેનાથી જગતમાં હાહાકાર મચી જાય છે. તેમ માનવી પાસે તો તે ત્રણેય કરતા અજબ-ગજબની **મહાતાકાત** રહેલી છે. જો તે બેકાબુ બને અર્થાત્ ખોટા માર્ગે ચાલે તો પોતાનું કલ્યાણ બગાડી નાખે, સાથે-સાથે બીજા અનેકોને પણ મોક્ષના માર્ગ થકી પાડે. એ તાકાતને રોકવી ખૂબજ ગહન છે. પરંતુ એ તાકાતને ખરાબ માર્ગે જતી રોકીને, સવળા માર્ગે ગતિ કરાવી જીવાત્માને આ લોકમાં તો સુખી કરે; પરંતુ પરલોકમાં પરમાત્મા સાથે ભેટો કરાવી દે એવી **સામર્થી** જો કોઈનામાં હોય તો તે ગુરુમાં જ છે. જેમને એવા ગુરુ પ્રાપ્ત થાય છે તે ખૂબજ ભાગ્યશાળી છે. કારણ કે, એવા ગુરુનું સાન્નિધ્ય પ્રાપ્ત થવું સહેલું નથી.

**'યે તન વિષ કી વેલડી, ગુરુ અમૃત કી ખાન; શિશ દીયે જો ગુરુ મીલે, તો ભી સસ્તા જાન.'** કદાચ, હજારો માથા આપી દેતા પણ જો ગુરુ મળે તોપણ એ સસ્તુ છે.

ગુરુ પ્રાપ્ત થયા પછી તેમનું 'ક્યારેય **અપમાન** ન કરવું' એમ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં કહે છે. કારણ કે, ગુરુ પૂજનીય છે, વંદનીય છે. જે તેમનો દ્રોહ કરે છે તેને **ભયંકર દુઃખ** ભોગવવું પડે છે.

ગુરુગીતામાં કહ્યું છે કે, 'બુદ્ધિમાન શિષ્યોએ ગુરુની સમક્ષ હુંકારો, તુંકારો કે અભિમાન કરીને ક્યારેય બોલવું નહિ અને ખોટું બોલવું નહિ. જે શિષ્ય ગુરુને હુંકારો-તુંકારો કરીને વાદ-વિવાદથી હરાવી દે છે તે પાણી વિનાના જંગલમાં **બ્રહ્મરાક્ષસ** થાય છે.'

**અગસ્ત્ય સંહિતા**માં કહ્યું છે કે, 'જે શિષ્યો આરાધના કર્યા જેવા ગુરુનું અપમાન કરે છે તો તેઓના પુત્ર, મિત્ર, પત્નિ અને સંપત્તિ આદિનો વિનાશ થાય છે.'

શ્રીમદ્ ભાગવતના **એકાદશ સ્કંધ**માં પણ કહ્યું છે કે, 'મનુષ્યબુદ્ધિથી તેમાં દોષદૃષ્ટિ ન કરવી. કારણ કે, ગુરુ સર્વ દેવોનું સ્વરૂપ છે.'

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે તો **ગુરુનો મહિમા** ખૂબજ કહ્યો છે. શિક્ષાપત્રીના ૭૦મા શ્લોકમાં પોતે કલમ ઉપાડી છે કે, 'ગુરુ આગળ વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને કે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું.' તે બાબતે **સદાચારદીપ**માં કહ્યું છે કે, 'કમરના ભાગથી પગના ઘૂંટણને વસ્ત્રથી બાંધીને મહાત્મા પુરુષો આગળ ન બેસવું તેમજ સભામાં તેમને પીઠ કરીને પણ ન બેસવું.'

ભગવાન શ્રીહરિ સર્વ કોઈના ગુરુસ્થાને છે, છતાં તેઓએ પણ આપણને શીખવાડવા માટે જ્યારે આ લોકમાં

પધાર્યા ત્યારે પોતાના જીવન દ્વારા **'ગુરુમહિમા, ગુરુનિષ્ઠા'** બતાવી છે. શ્રીજીમહારાજ ગુરુ શ્રી રામાનંદ સ્વામીની સંપૂર્ણ આજ્ઞામાં રહી પોતાની ગુરુનિષ્ઠા બતાવી હતી. એ તો જ્યારે ભગવાન શ્રીહરિએ લોજમાંથી પોતાના ગુરુ રામાનંદ સ્વામીને જે પત્ર લખ્યો હતો તેના પરથી ખબર પડે કે કેટલો બધો તેઓને ગુરુ પ્રત્યે અહોભાવ હતો !! કેટલો બધો ગુરુમહિમા હતો !! એ પત્રમાં શ્રીજીમહારાજે શબ્દો ટાંક્યા હતા કે, 'આપના દર્શન કરવા માટે મારી આંખો ભરાઈ આવે છે. આપ ગુરુરાજના દર્શન નથી થયા, તેથી તેના વિના એક પલક જેટલો સમય પણ મારે કોટિ યુગો વીતી ગયા હોય તેમ લાગે છે.'

પછી આગળ, ગુરુ પ્રત્યે કેવો પ્રેમ હોવો જોઈએ તે ભગવાન શ્રીહરિ આપણને બતાવે છે કે, 'ગુરુ ! આપ ચંદ્ર છો તો હું આપનો ચાહક ચકોર છું. આપ મેઘ છો તો હું આપનો સ્નેહી મોર છું. આપ સુવર્ણ છો તો હું આપને સુશોભિત કરનાર શણગાર છું. આપ મોતી છો, તો હું આપમાં ઓતપ્રોત દોરો છું. આમ અનેક રીતે મારે આપની સાથે પ્રીતિ બંધાયેલી છે. કદાચ આપ તે પ્રીતિને તોડવા ચાહો તો પણ હું તેને તોડવાનો નથી. મારા જેવા ચાહક આપને અનેક હશે પણ મારે માટે તો આપ એક જ છો. આવો સુદૃઢ નિશ્ચય કરીને એક ટેક કરી રાખી છે.' આ હતો ભગવાન શ્રી સ્વામિનારાયણનો પોતાના ગુરુનો **મહિમા,** પોતાના ગુરુ પ્રત્યેનો **પ્રેમ,** પોતાના ગુરુ પ્રત્યેની **નિષ્ઠા.**

એ જ ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીના શ્લોક - ૬૯માં અદ્‌ભુત શબ્દોનું આલેખન કર્યું અને ગુરુ પ્રત્યેની **મર્યાદા** કેવી હોવી જોઈએ તે બતાવે છે : 'ગુરुभूपालवर्षिष्ठत्यागिविद्वत्तपस्विनाम् । अभ्युत्थानादिना कार्यः सन्मानो विनयान्वितैः ॥' - અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી-તેમણે ગુરુ, રાજા, અતિવૃધ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું **સન્માન** કરવું.

ગુરુના મહિમાને ક્યારેય પાર ન પામી શકાય. કદાચ આકાશમાં રહેલા તારાને ગણી શકાય, કદાચ ભૂમિ ઉપર રહેલા માટીના કણોને ગણી શકાય, કદાચ પૃથ્વી ઉપર વરસતા વરસાદમાં રહેલા પાણીના બુંદને ગણી શકાય પરંતુ ગુરુના મહિમાના પારને ન પામી શકાય. ગુરુનો મહિમા તો આ ત્રણેય કરતા અનેકગણો અધિક છે.

**'ગુ'** એટલે અંધકાર અને **'રુ'** એટલે તેજ. અજ્ઞાનરૂપી અંધકારને નષ્ટ કરી પરમાત્મા સુધી પહોંચાડી જીવનને તેજોમય બનાવી દે એ **ગુરુ.** જે માયાના બંધનમાંથી છોડાવી પરમાત્મા સાથે હથેવાળો કરાવી દે તે ગુરુ.

દેવ, ગુરુ અને ધર્મ - આ ત્રણ તત્ત્વનો **પરસ્પર** શું **સંબંધ** છે ? આ પ્રશ્નને સદીઓથી ફરી ફરી પૂછવામાં આવે છે. અને એનો ઉત્તર શોધવા માટે મનુષ્યજાતિના લાંબા ઈતિહાસને અવારનવાર તપાસતા એ જણાઈ આવે છે કે, દેવ, ગુરુ અને ધર્મમાં વચ્ચે જે ગુરુ છે તે જ આજુબાજુમાં રહેલા દેવતત્ત્વની અને ધર્મતત્ત્વની **સાચી ઓળખ** આપે છે. એથી જ મનુષ્ય ભગવાનનો ભક્ત બને છે અને ધર્મનો આરાધક બને છે. જો ગુરુ જ ન હોત તો આ બે તત્ત્વોની સમજ પડત નહિ.

➠ મુક્તમુનિએ ઉત્તમનૃપને ભગવાન શ્રીહરિએ કહેલી વાત કરતાં કહ્યું : ''ભગવાનની વાત ગુરુથી સમજાય છે. તેમાં પણ જેને જેટલી આસ્તિકતા ને મોક્ષનો ખપ હોય તેને તેટલી તે વાત સમજાય છે. દેશકાળની વાતનો પાકો અભ્યાસ હોય તે **જ્ઞાની ગુરુ** છે, એવા ગુરુ કોઈક જ હોય છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧/૭૨/૩૭-૩૮)

➠ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ - આ ચાર જેનામાં દૃઢપણે હોય તેવા ગુરુ થકી પૂર્વજન્મના પાપ બળે છે. જેમ રાત્રિનો અંધકાર સૂર્ય વિના ન ટળે, તેમ **એકાંતિક ગુરુ** વિના પૂર્વ જન્મનાં પાપ ન બળે. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૪/૧૦૮/૩-૪)

➠ જે ગુરુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ રહિત હોય તો તેને તૂટેલા વહાણ જેવો જાણવો. ફૂટેલું નાવ સાગર પાર કરતું નથી, વચ્ચે જ ડૂબાડે છે, તેમ એવા ગુરુને જે વળગે છે તેને જન્મમરણ, ચોરાશી ને જમપુરીમાં દુઃખ ભોગવવાં પડે છે.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૯/૪/૧૪-૧૬)

શ્રીજીમહારાજ ગઢડા અંત્ય પ્રકરણના બીજા **વચનામૃત**માં કહે છે :- ''જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો **પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ**ને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે.'' આથી જ **મીરાંબાઈ**એ પણ ગુરુ તો કર્યા જ છે અને મન મૂકીને **ગીતો** ગાયા છે : **'મોહે લાગી લગન ગુરુચરનન કી, ભવસાગર સબ સૂક ગયા હૈ; ફિકર નહી મોહે તરનન કી, મોહે લાગી લગન....'**

કેટલાય પ્રકારના ગુરુઓ છે તેમાં મોક્ષના દાતા ગુરુને ઓળખવા તે **કઠણમાં કઠણ વાત** છે. નિર્બંધ ગુરુ મળવા દુર્લભ છે. જેને શ્રીહરિ સિવાય બીજી વાત ન હોય તે **સર્વોપરી ગુરુ** છે. એવા ગુરુ વિના બીજા ગુરુઓ બધા જ વ્યવહારિક જાણવા. વ્યવહારિક ગુરુથી મોક્ષ ન થાય.

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૦/૬૬/૨૫-૨૮)

શાસ્ત્રોમાં કહ્યું છે કે, જો ગુરુને માત્ર સામાન્ય કોટિના ગૃહસ્થ તરીકે કોઈ શિષ્ય જુએ તો તે માણસ નિશ્ચિતપણે નરકગામી થાય.

'प्रतिमायां शीलाबुद्धित्वं मन्त्रे चाक्षरबुद्धिता । गुरौ मनुष्यबुद्धित्वं कुर्वाणो नरकं व्रजेत् ।।' - જે માણસને મૂર્તિમાં પથરો દેખાતો હોય, મંત્રોમાં માત્ર અક્ષરો દેખાતા હોય,

ગુરુમાં સારા માણસથી વધુ કશું ન જણાતું હોય તે માણસ નરકમાં જાય છે.

'एकाक्षरप्रदातारं यो गुरुं नैव मन्यते । श्वानयोनिशतं गत्वा चाण्डालेष्वपि जायते ।।' - પોતાને સાચું જ્ઞાન આપનાર પરોપકારી ગુરુ માટે સહેજ પણ ઘસાતું બોલે કે તેમની સાથે અવિનયભર્યું વર્તન કરે તો તે આત્મા સેંકડોવાર કૂતરીના પેટે જન્મ પામે, અરે ! પછી ચાંડાલણીના પેટે પણ સેંકડોવાર જન્મ પામે.

એક વાત તદ્દન સાચી છે કે, ગુરુકૃપા ન મળે તો આધ્યાત્મિક જીવનવિકાસ બિલકુલ સંભવિત નથી. એટલે જ તો કહેવાયું છે કે :- 'यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ । तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ।।'- અર્થાત્ જેને દિવ્ય સ્વરૂપે ધામમાં બિરાજતા ભગવાનમાં જેવી **પરાભક્તિ** હોય છે તેવી જ પરાભક્તિ મનુષ્યાકૃતિમાં રહેલા સાક્ષાત્ હરિરૂપ ગુરુને વિષે હોય તો તે આત્માને શાસ્ત્રોના શબ્દોની પાછળ ઘૂઘવાટ કરતા અર્થો એકદમ આંખ સામે ખુલ્લા થઈ જાય છે. એમ **શ્રુતિ** કહે છે. (શ્વેતાશ્વતર ઉપનિષદ્ : ૬/૨૩)

અરે ! ગુરુની કૃપાને જ **મોક્ષપ્રાપ્તિનું અવન્ધ્ય કારણ** જણાવાયું છે - 'मोक्षमूलं गुरोः कृपा ।'

ગુરુની કૃપા પ્રાપ્ત કરવા માટે ખૂબજ સાવધાની અને ભગવાનની આજ્ઞાનું પાલન કરવા પૂર્વક **ગુરુસેવન** કરવું જોઈએ. ગુરુ તો શિયાળાનું સળગતું તાપણું છે. એમનું કામ છે નજીકમાં આવીને બેઠેલાની ટાઢ ઉડાડવાનું, પરંતુ જો તેમની પાસે બેસતા ન આવડે - જોરથી આવી જતા પવનની સામે વસ્ત્ર સંકોરી દેતા ન આવડે તો આગનો ભડકો વસ્ત્રને લાગી જશે અને જોતજોતામાં તમને સળગાવી દઈને ભડથું કરી દેશે.

આપણે તો ખૂબજ ભાગ્યશાળી છીએ. કારણ કે, આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે જ આપણને એવા **'સમર્થ ગુરુ'** આપ્યા છે. શિક્ષાપત્રીના ૧૨૮મા શ્લોકમાં ભગવાન શ્રીહરિ કહે છે : 'मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे । गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥' - અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના **ધર્મની રક્ષા કરવાને અર્થે** એ સર્વેના **ગુરુપણાને વિષે** અમે **સ્થાપન** કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને **દીક્ષા** આપવી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શુદ્ધ ઉપાસના-ભક્તિનો **સર્વોપરી સંપ્રદાય** છે. તેના ઘણા કારણોમાંનું **બીજું કારણ** એ છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીભક્તોના ગુરુ **વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની** જ થઈ શકે છે. અર્થાત્ **સ્ત્રીભક્તોના ગુરુ** સ્ત્રીભક્ત જ છે. આ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું **અજોડ** અને **અદ્વિતીય** બંધારણ છે. જે અન્ય કોઈ સંપ્રદાયમાં સહજ જોવા મળતું નથી. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બંધારણની **ત્રીજી વિશિષ્ટતા** એ છે કે સ્ત્રીભક્તો માટે અલગ-પોતાની રીતે **નિર્વિઘ્ન ભજનભક્તિ** કરી શકે તેવા **મંદિરો** અથવા મંદિરોમાં **અલગ વ્યવસ્થા** કરવામાં આવી છે. આ અદ્વિતીયતા પાછળ સ્ત્રીભક્તોની મર્યાદા અને મોક્ષની દૃષ્ટિએ અતિ ઉચ્ચ અને પરમપાવનકારી **યોજના** ભગવાન શ્રી સ્વામિનારાયણની છે.

શ્રીજીમહારાજે **મુમુક્ષુઓના આત્યંતિક કલ્યાણ માટે** જે વિવિધ **બંધારણો** બાંધ્યા હોય તેમાંનું એક **મહાન કાર્ય** બ્રહ્મચર્યની પુનઃ પ્રતિષ્ઠા કરવાનું હતું. તત્કાલીન સમયમાં ધર્મના પ્રત્યેક ક્ષેત્રમાં **બ્રહ્મચર્ય** કથળી ગયું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે ત્યાગીઓ કે સંતોથી સ્ત્રીઓનો સ્પર્શ જ ન થાય, સ્ત્રીઓનું મુખ ન જોવાય, એ સ્થિતિમાં સ્ત્રીઓ સાથે **વાર્તાલાપ** કેવી રીતે થાય ? સ્ત્રીઓને **દીક્ષામંત્ર** કેવી રીતે ત્યાગી વર્ગ આપી શકે ?

આ **જટીલ સમસ્યા**નું સમાધાન કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પિતા **ધર્મદેવના કુળમાં જ આચાર્યપદ**ની **સ્થાપના** કરી છે. સંપ્રદાયમાં સ્ત્રી મુમુક્ષુને દીક્ષા આપવાનો **અધિકાર** આચાર્યશ્રીની આજ્ઞાથી અને અનુમતિથી એમના ધર્મપત્ની માટે **સુરક્ષિત** રાખ્યો. કારણ કે સ્ત્રીભક્તોને **પુરુષ આચાર્ય** દીક્ષા આપે તો **અનેક દૂષણો** પેદા થવાની **સંભાવના** જરૂર રહે છે; જ્યારે ઉપરોક્ત રીતથી દૂષણોને અત્રે બિલકુલ **અવકાશ** મળતો નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના બંધારણ પ્રમાણે **આચાર્યશ્રી** કેવળ **પુરુષભક્તોના ગુરુ** બની શકે છે. અને **આચાર્યપત્ની** જે પ.પૂ. **માતુશ્રી** (ગાદિવાળાશ્રી) કેવળ **સ્ત્રીઓના ગુરુ** બની શકે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પોતાના ત્યાગી અને ગૃહસ્થ તમામ આશ્રિતો માટે ગુરુની નિયુક્તિ કરેલી છે. વિશ્વના તમામ સંપ્રદાયો કરતા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય **અનોખી ભાત** દર્શાવે છે. કારણ કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **'ગુરુ'** એ એક સ્વયં **પરમાત્માની જ દેણ** છે. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સર્વોપરી છે. તેના ઘણા કારણોમાંનું એક કારણ એ છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીભક્તોના ગુરુ વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની જ થઈ શકે છે. અર્થાત્ સ્ત્રીભક્તોના ગુરુ સ્ત્રીભક્ત જ છે. આ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું અજોડ અને અદ્વિતીય બંધારણ છે. અન્ય કોઈ સંપ્રદાયમાં જોવા મળતું નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણના બંધારણ પ્રમાણે આચાર્યશ્રી કેવળ પુરુષભક્તોના ગુરુ બની શકે છે. અને

આચાર્યપત્ની જે પ.પૂ. માતુશ્રી (ગાદિવાળાશ્રી) કેવળ સ્ત્રીના ગુરુ બની શકે છે. ભગવાન શ્રીહરિ શિક્ષાપત્રીના ૧૩૩મા શ્લોકમાં કહે છે : 'अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः। कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥' - અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે **પત્નીઓ**, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને **સ્ત્રીઓને જ** શ્રીકૃષ્ણના મંત્રનો **ઉપદેશ** કરવો; પણ પુરુષને ન કરવો.

આપણા ગુરુ - જેમની આપણા માટે સ્વયં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા **નિયુક્તિ** કરાયેલી છે. અને તે છે... બે દેશ - **બે ગાદી** ઉપર આરુઢ થયેલી **'શ્રી આચાર્ય પરંપરા.'** ભગવાન શ્રીહરિએ સ્વયં બંને આચાર્યશ્રીઓની **આરતી** ઉતારેલી છે. એમનામાં અવતાર જેટલું **દૈવત** મુકેલું છે. માટે મારે તેમના દોષો ન જોવાય, દૈહિક સ્વભાવને પ્રભાવે નાના દોષો તો સહુમાં - મોટા રૂસ્ત (સમર્થ) મહાન પુરુષમાં પણ રહેલા જણાય; પરંતુ તે મારે જોવાના ન હોય, આવી પાકી **સમજ**પૂર્વક ગુરુ સેવાનું સાહસ કરવું જોઈએ.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આચાર્ય-ગુરુપરંપરાને આગળ વધારવા સ્વયં **બે આચાર્ય-ગુરુપરંપરા** ચાલુ કરી. જે એક શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન - **વડતાલ** પરંપરા અને બીજી શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાન - **અમદાવાદ** પરંપરાના નામે પ્રસિદ્ધ છે. આ બંને આચાર્ય-ગુરુપરંપરાઓ વર્તમાન સમયમાં પણ ચાલી આવે છે.

### દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી પીઠસ્થાન 'આચાર્ય પરંપરા'

૧. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજશ્રી
૨. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રી
૩. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રી
૪. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજશ્રી
૫. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રી
૬. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
૭. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
૮. પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

### ઉત્તર વિભાગ અમદાવાદ દેશ શ્રી નરનારાયણ દેવ ગાદી પીઠસ્થાન 'આચાર્ય પરંપરા'

૧. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી
૨. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી
૩. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી
૪. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી
૫. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
૬. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
૭. પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
૮. પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

આજે સંપ્રદાયમાં **ઉત્થાન** અને **ઉલ્લાસ**ના ડંકા વાગી રહ્યા છે, મસ્તી અને આનંદની **ઝાલર** રણઝણે છે; વૈદિક પરંપરાના **સિદ્ધાંતથી સભર ડાળીઓ** લૂમીઝૂમી રહી છે. તેનું કારણ પૂરા સંપ્રદાયના ગુરુસ્થાને બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** સાક્ષાત્ બિરાજમાન છે.

ભગવાન શ્રીહરિનો **આશીર્વાદ** કહો કે પોતાની **નિશાની** કહો કે પછી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને આપેલી **અમૂલ્ય ભેટ** કહો, તે છે આ દિવ્ય **આચાર્ય-ગુરુ પરંપરા !!!**

શાસ્ત્રવચને, શાસ્ત્રસાપેક્ષ વિદ્યમાન **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી** આપણા માટે ભગવાન શ્રીહરિનું જ **અપરસ્વરૂપ** છે. ધર્મવંશી વિદ્યમાન આચાર્યશ્રીની **અવહેલના** કરવાથી સેંકડો વર્ષોથી ચાલી આવતી ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન **ગુરુ-શિષ્ય પરંપરા**નું ખૂન થાય છે. અને તે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત અવિચ્છિન્ન અણિશુદ્ધ વંશવારસાગત **દિવ્ય પરંપરા**નો ઉઘાડો **દ્રોહ** છે.

**ધર્મવંશી આચાર્યપદ** એ કોઈ સાધારણ બાબત નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણની અવિચ્છિન્ન અણિશુદ્ધ **વંશવારસાગત** ચાલી આવતી **ગુરુપરંપરા**ને ટકાવી રાખનારું એ **પદ** છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કલ્યાણ વ્યવસ્થાની **અંગભૂત** એક **વ્યવસ્થા** છે. એટલે જ વિદ્યમાન ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી પાછળ ભગવાન શ્રી સ્વામિનારાયણની યોજનાનું, ભાવનાનું અને વ્યવસ્થાનું **પ્રચંડ બળ** રહ્યું છે. આથી જ તો વિદ્યમાન **ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી** એ ભગવાન શ્રી સ્વામિનારાયણનું **અપર સ્વરૂપ** છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત અવિચ્છિન્ન અણિશુદ્ધ વંશવારસાગત **દીક્ષાગુરુપરંપરા**-આચાર્ય પરંપરા સ્વીકારવામાં આવે છે. અને વડતાલના ૧૮મા વચનામૃતમાં દીક્ષાગુરુપરંપરા બતાવવા તરફ શ્રીજીમહારાજનો અનુરોધ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે **આચાર્ય-ગુરુપરંપરા**ને આગળ વધારવા સ્વયં બે આચાર્ય-ગુરુપરંપરા ચાલુ કરી. જે એક શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન - **વડતાલ પરંપરા** અને બીજી શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાન - **અમદાવાદ પરંપરા**ના નામે પ્રસિદ્ધ છે. આ બંને આચાર્ય-ગુરુપરંપરાઓ વર્તમાન સમયમાં પણ ચાલી આવે છે.

આમ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'ગુરુસ્થાને' આચાર્ય મહારાજશ્રી જ બિરાજે છે. તેમનો મહિમા કહેતા શિક્ષાપત્રીમાં સ્વયં **ભગવાન શ્રીહરિ** લિખિત શ્લોક - ૬૨નો અનુવાદ કરતાં વિદ્વાન સમ્રાટ સ.ગુ. **શ્રી નિત્યાનંદ સ્વામી** લખે છે : 'आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् । कृष्णस्वरूपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥' - અને જે **શ્રીકૃષ્ણનું સ્વરૂપ** પોતાને સેવવાને અર્થે **ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય** અથવા તે આચાર્યે જે

સ્વરૂપની **પ્રતિષ્ઠા** કરી હોય **તે જ સ્વરૂપ**ને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો **નમસ્કાર** કરવા યોગ્ય છે પણ **સેવવા યોગ્ય** નથી.

વિષ્ણુ રહસ્યમાં કહ્યું છે કે, 'બુદ્ધિમાન શિષ્યે સમયે-સમયે યથાશક્તિ **ભેટ-સામગ્રી** આપીને પોતાના ગુરુને પૂજવા. કારણ કે, ગુરુને સર્વ દેવરૂપ કહ્યા છે. અને જે શિષ્ય ગુરુનું અપમાન અને વેદાદિ શાસ્ત્રોની નિંદા કરે છે તેને પદ્મપુરાણમાં સનત્કુમાર કહે છે, તેમ નરકની પ્રાપ્તિ થાય છે.'

ભગવાન શ્રીહરિએ પણ શિક્ષાપત્રીના ૭૧મા શ્લોકમાં **અદ્‌ભુત શબ્દો** ટાંક્યા : 'विवादो नैव कर्तव्यः स्वाचार्येण सह क्वचित् । पूज्योऽन्नधनवस्त्राद्यैर्यथाशक्ति स चाखिलैः ॥' - અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા.

ગુરુમહિમાને બતાવતા **શ્રીજીમહારાજ** શિક્ષાપત્રીના ૭૨મા શ્લોકમાં કહે છે : 'तमायान्तं निशम्याशु प्रत्युद्गन्तव्यमादरात् । तस्मिन् यात्यनुगम्यं च ग्रामान्तावधि मच्छ्रितैः ॥' - અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. કારણ કે, આચાર્ય મહારાજશ્રીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું **અપરસ્વરૂપ** છે. સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે, **વિદ્યમાન ધર્મવંશી આચાર્ય દ્વારા** કળિયુગમાં મારે **અનેકનો ઉદ્ધાર** કરવો છે. આ રહ્યા તેઓના મુખકમળમાંથી નીકળેલા **અતૂટ** શબ્દો :

**'મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર;**
**એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૪૦/૪)

**'આચારજથી બહુ ઉદ્ધરશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે;**
**એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે, જન સૌ સત્ય માની લીજિયે રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭/૨૦)

**'માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે;**
**મૂર્તિ આચારજ ધર્મપાળ રે, રે'શે કલ્યાણ તે બહુ કાળ રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૭/૧૬)

**'એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે;**
**એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે'વરાવો વેર વેર રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૮/૧૭)

**'પણ છેલ્લો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે;**
**ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે.'**

(પુરુષોત્તમ પ્રકાશ : ૩૯/૬)

એટલું જ નહિ, ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે, વિદ્યમાન **ધર્મવંશી આચાર્ય** એ મારા વચનોનું **સાકાર સ્વરૂપ** છે. આ વાતમાં કોઈએ બુદ્ધિ લડાવવી નહિ. એ વાતને કંડારતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે : **'પણ સમજવી વાત સુધી રે, અતિ મતિ ન રાખવી ઊંધી રે; વચનદ્વારે વસ્યા અમે એમાં રે, તમે ફેર જાણશો મા તેમાં રે.'** (પુરુષોત્તમ પ્રકાશ : ૪૦/૧૩)

અરે ! સ્વયં ભગવાન શ્રીહરિ કહે : 'મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેવો **પ્રગટ પ્રમાણ** રહ્યો છું એવો ને એવો જ હું **વિદ્યમાન ધર્મવંશી આચાર્યમાં** રહ્યો છું.' આ રહ્યા એના એ જ શબ્દો :- 'सदैतयोरहं भक्त्या मदर्चास्विव हि स्थितः । सेवनीयाविमौ तस्माज्जनै र्मत्प्रीतिकाङ्क्षिभिः ॥' - આ લોકમાં હું હંમેશા મારી હરિકૃષ્ણ આદિક મૂર્તિઓમાં જેમ પ્રત્યક્ષ રહ્યો છું તેમજ આ બંને ધર્મવંશી આચાર્યોમાં રહ્યો છું. માટે મારી પ્રીતિ સંપાદન કરવાની જે જનોને ઈચ્છા હોય તેમણે **બંને** ધર્મવંશી **આચાર્યો**ની **સેવા** કરવી.

(શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪/૪૦)

ભગવાન શ્રી સ્વામિનારાયણ **સ્વયં** ધર્મવંશી આચાર્ય સાથે **નિત્યસંબંધ** દર્શાવતા કહે છે : 'मानसाख्यस्य सरसो हंसानां वर्तते यथा । नित्यं हि धर्मवंश्यानां सम्बन्धो मेऽन्यदुर्लभः ॥' - જેમ હંસોને માનસ સરોવરનો **નિત્ય સંબંધ** છે તેમ **ધર્મવંશી આચાર્યો**ને અન્યને દુર્લભ એવો મારો નિત્ય **સંબંધ** છે. (શ્રીહરિલીલાકલ્પતરુ : ૧૦/૪/૪૪)

આમ, તમામ શાસ્ત્રોમાં ગુરુનો મહિમા ખૂબ કહ્યો છે. જીવાત્મા ગુરુરૂપી જહાજથી સંસારરૂપી સાગરને તરીને પરમાત્મા સુધી પહોંચી શકે છે.

બગીચામાં ગુલાબ ખીલેલા હોય છે તો જ્યાં ત્યાં વિષ્ઠા વગેરે ગંદકી પણ પડેલી હોય છે. ગુલાબની ડાળીએ બેસીને જે આત્મા મજેના, સૂરીલા ગીતોમાં ગુલાબના ગુણો ગાય છે તે આત્મા બુલબુલ છે. વિષ્ઠા ઉપર બેસીને તેમાં વારંવાર ચાંચ ખોંચે છે. અને વિષ્ઠાને કોચે છે તે તો કાગડાનો સાક્ષાત્ અવતાર છે.

આપણે ગુરુમાં રહેલી **અઢળક ખૂબીઓ** જોઈને **અદના સેવક** બનવું છે ? કે તેમનામાં રહેલી કોઈક ખામી જોઈને ગુરુનિંદક બનવું છે ? પહેલા આ વાત નક્કી કરો. પછી જ ગુરુચરણે શિર અડાડો.

ચિત્તની સ્થિતિ ખૂબ ચંચળ છે તેને સ્થિર કરવું એ જ **સાધના** છે. ગુરુની જરૂર તે માટે જ છે. મનરૂપી ઘોડો ગુરુરૂપી લગામ વિનાનો હોય તો કેટલું બધું તોફાન કરે ?

ભોમિયા વિના ડુંગરા ભમી શકાય, પણ આધ્યાત્મિક જગતના ડુંગરા ભોમિયા વિના કદાપિ ન ભમી શકાય.

યુગોથી માણસની **એક જ ખોજ** અવિરત ચાલુ રહી છે : **શાશ્વત શાંતિની, શાશ્વત સુખની...**

હજારો વર્ષોથી વિશ્વમાં સંસ્કૃતિઓ અને સભ્યતાઓ વિકસતી ગઈ તેમ તેમ માનવીની આ ખોજ વધારે **જટિલ** બનતી ગઈ. સુખ માટે ભૌતિકતા પાછળ ભટકી ભટકીને માનવીને આખરે આધ્યાત્મિકતા તરફ વળવાની જરૂર પડી. અને આ અજાણ્યા પ્રદેશની ભૂમિમાં ભમવા માટે તેને **સાચા ભોમિયા**ની જરૂર પડી. એવા ભોમિયા એજ - **'ગુરુ.'**

તેથી જ **શ્રી રામકૃષ્ણ પરમહંસ** કહે છે :- ''તમારે કોઈ કાયદાકીય સલાહ લેવી હોય તો તમે તેના જાણકાર વકીલને જ મળો ને ! તમે થોડા કાંઈ શેરીમાં રખડતા કોઈ પણ માણસની સલાહ લેશો ? તેમ આધ્યાત્મિક માર્ગમાં પણ એવા સાચા ગુરુને શરણે જ જવું જોઈએ. જીવનમાં ગુરુ એક જ હોવા જોઈએ. તમે કોઈ અજાણ્યા પ્રદેશમાં ગયા હો ત્યારે જેને માર્ગની ખબર છે એવા એક **સાચા ભોમિયા**ને તમારે સાથે રાખવો પડે. પરંતુ ઝાઝા ભોમિયાઓ તમને દ્વિધા પેદા કરે. તેવી રીતે તમારે પરમાત્મા સુધી પહોંચવું છે તો તમારે એવા **એકમાત્ર ગુરુ**ની આજ્ઞામાં અનુસરવું જ રહ્યું, જેમને પરમાત્માના માર્ગની ખબર છે.''

એક જ પળ માટે ગુરુરૂપી ભોમિયો દૂર ખસ્યો કે તરત મન એટલું તોફાન કરી શકે કે જીવ આધ્યાત્મિક માર્ગમાંથી ફંગોળાઈ જાય. આધ્યાત્મિક માર્ગમાં ગુરુવિહોણો માણસ તો ધોતીયા વિનાની ફક્ત પાઘડી પહેરેલા માણસ જેવો હાસ્યાસ્પદ લાગે.

આપણા આધ્યાત્મિક વિકાસ માટે પાયાની જરૂરિયાતોમાં જેનો સમાવેશ થાય છે તે છે - **'ગુરુ.'**

આ આખી બાબતમાં **એક વાત** યાદ રાખજો કે ગુરુ આપણા આધ્યાત્મિક **માર્ગદર્શક** છે. જેઓ આપણા આધ્યાત્મિક વિકાસમાં **દોરવણી** આપે છે. તમારાં ધ્યેયની તેઓ પાસેથી બને તેટલી મદદ મેળવવી. જેથી તમારી **આધ્યાત્મિક સફર** સફળ નીવડે. તમારું ધ્યેય ભૌતિક રીતે એમને ચોંટી રહેવાનું ન હોવું જોઈએ. ચોંટવાનું તો સલૂણી મૂર્તિ ઘનશ્યામમાં છે એ વાત ક્યારેય ન ભૂલવી જોઈએ. ગુરુ સાથેનો સંપર્ક તો તમારા અંતિમ ધ્યેયનું જે લક્ષ પરમાત્માને પ્રાપ્ત કરવાનું છે અને તે પ્રાપ્તિ માટેનું જ હોવું જોઈએ, તેને **ચરિતાર્થ** કરાવે છે. જે સાચા ગુરુ હશે તે તો તેમને પોતાને વિષે જ વળગી રહેવા માટે ક્યારેય પ્રોત્સાહન નહિ આપે. ગૌતમબુદ્ધ તેમના શિષ્યોને કહેતા હતા કે, ''ધ્યાન વખતે જો તમે પ્રભુને બદલે મને જુઓ તો તરત મને મારી નાંખજો.'' આ વાત ઉપર જણાવેલ મુદ્દાને વધુ સ્પષ્ટ કરવા જણાવી છે.

જો તમે પરમાત્માની જેમ ગુરુમાં જ વળગી રહેશો તો તમે તમારા **અંતિમ ધ્યેય** સુધી પહોંચી નહી શકો. કારણ કે તમારી આધ્યાત્મિક સફર ગુરુ પાસે આવીને અટકી જશે, પ્રભુ સુધી નહિ પહોંચે.

આપણે એક વાત ખાસ સમજી લેવી જોઈએ કે તમારું અંતિમ ધ્યેય પરમાત્મા છે, નહિ કે ગુરુ ! ગુરુ તો એક સીધાસાદા **આધ્યાત્મિક માર્ગદર્શક** છે. જે તમને તમારા અંતિમ ધ્યેય પરમાત્માને પ્રાપ્ત કરવામાં **મદદરૂપ** થાય છે. અને બીજી અગત્યની વાત જે તમારે સમજી લેવી જોઈએ કે, તમારે ગુરુ સ્વીકારવામાં આંધળું અનુકરણ ન કરવું જોઈએ. સાધુ-સંતો તમને જે જ્ઞાન આપે તેના ઉપર તમારે તમારા મનથી વિચાર કરી જે શાસ્ત્રમાં મળતું આવે તેને જ ગ્રહણ કરવું જોઈએ. તમારે બધા જ ઉપદેશો સાથે શાસ્ત્રોની વાતોને પણ સરખાવવી જોઈએ અને સાચા-ખોટાને ક્ષીર-નીર ન્યાયથી વિભાગ કરી લેતા શીખી જવું જોઈએ.

આજે કળિયુગે કેવો મરણતોલ ફટકો માર્યો છે. જે ભારતદેશમાં ગુરુને 'गुरुः साक्षात् परंब्रह्म' કહેવાય છે તેવા ઉપકારી ગુરુમાં દોષ દેખાય છે. તેમના પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થાય છે...!

આ દેશમાં ગુરુને હંમેશા નિર્દોષ બુદ્ધિથી જોવામાં આવ્યા છે. એ વાત **મહાભારત** બતાવે છે કે જ્યારે મહાભારતનું યુદ્ધ થયું, ગણત્રીના માણસો તેની વિનાશક અસરમાંથી બચ્યાં, અશ્વત્થામા તેમાંનો એક હતો. તેનું હૃદય વેરની જ્વાલાથી બળતું હતું, અપાંડવી પૃથ્વી કરવા રાત્રિના સમયે તે પાંડવોના તંબુમાં પ્રવેશ્યો, શ્રીકૃષ્ણ દ્વારા રક્ષાયેલા પાંડવો તે સમયે તંબુમાં ન હતા. અશ્વત્થામાએ દ્રૌપદીના પાંચ પુત્રોના માથા કાપી નાખ્યા, દ્રૌપદી છાતીફાટ રુદન કરવા લાગી, અર્જુન અશ્વત્થામાની પાછળ દોડ્યા, તેના બ્રહ્માસ્ત્રને નિષ્ફળ બનાવી, તેને પકડયો, બાંધીને દ્રૌપદી પાસે રજૂ કરીને કહે : ''બતાવ, આ પાપીને હું શું સજા કરું ? તું કહેતી હો તો હમણાં જ આનું મસ્તક ધડથી અલગ કરી નાખું.... બતાવ...!'' ત્યારે દ્રૌપદીએ બે હાથ જોડી ગુરુપુત્રને પ્રણામ કર્યા અને કહ્યું : 'मुच्यतां मुच्यतामेषः ब्राह्मणो नितरां गुरु :' - 'અશ્વત્થામાને છોડી મૂકો, આ ગુરુપુત્ર તો **પૂજનીય** અને **વંદનીય** છે.'

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં કહ્યા પ્રમાણે આચાર્ય-ગુરુનો મહિમા સમજી તેમના પ્રત્યેની આપણી ગુરુનિષ્ઠા જીવનમાં દૃઢ કરી તે ગુરુના માધ્યમથી અક્ષરધામમાં બિરાજમાન ભગવાન શ્રીહરિ સાથે હથેવાળો કરી આપણા જીવનને સાર્થક બનાવી લઈએ એ જ **'શિક્ષાપત્રી જયંતી'**ના **દિવસો** ભગવાન શ્રી સ્વામિનારાયણના **શ્રીચરણોમાં પ્રાર્થના**

વાસંતી કુંદકળીઓ શીખવે છે

# સંગ-વિવેક



પાર્ષદ વિમલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી **'ભક્તચિંતામણી'** ગ્રંથમાં લખે છે :

**'મસ્ત જાતિ ભગવાનની, ઈચ્છા આવે તેમ ઓચરે;**
**સંત સુણી સુખ પામે, અસંતને અવળું કરે.'**

આ લોકની રિલાયન્સ કે ટાટા જેવી કંપનીના માલિકો પોતાના પૈસાની તાકાતથી જેવી ઈચ્છા થાય તેવું જીવન જીવતા હોય તો જે અનંતકોટિ બ્રહ્માંડના માલિક હોય ને એ જ્યારે પોતાની મસ્તીમાં આવી જાય તો પછી તેની તો વાત જ શી કરવી ? આ ફૂટલા બ્રહ્માંડમાં જ્યારે સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** વિચરતા હશે ત્યારે એવી જ કંઈક મોજમાં એમના મુખમાંથી **શબ્દો** નીકળ્યા હશે કે, કરોડ મનવારું લઈને આવ્યા છીએ તેમાં **અગણિત જીવો**ને બેસાડીને અમારા **અક્ષરધામ**માં લઈ જવા છે. કારણ કે, આ જીવ જ્યારે આવ્યો ત્યારે સંસાર-વ્યવહારમાં જ અટવાઈ ગયો. માટે આ વખતે તે ન અટવાઈ એ માટે ભગવાન શ્રીહરિએ શું કરવું ને શું ન કરવું એની 'Clear definition' (સ્પષ્ટ વ્યાખ્યા) આપી દીધી અને એ **૩૫૦ શાસ્ત્રો**રૂપી Textbooks માંથી માત્ર **૨૧૨ શ્લોકોની અપેક્ષિત** તો સર્વોપરી ભગવાન શ્રીહરિ સિવાય બીજું કોણ બનાવી શકે ? અને એ **૨૧૨ અમૃતકણિકાઓ** પૈકીની એક **IMP અમૃતકણિકા એટલે...**

'चौरपापिव्यसनिनां सङ्गः पाषण्डिनां तथा ।
कामिनां च न कर्तव्यो जनवञ्चनकर्मणाम् ॥२७॥'

ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો.

સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** 'શિક્ષાપત્રી ભાષ્ય'માં આ **છ પ્રકારના લોકોના લક્ષણોની વિસ્તૃત માહિતી** આપતા કહે છે : ''આપ્યા સિવાયનું પારકું ધન કે વસ્તુઓને લઈ જનાર ચોર, પ્રાણીહિંસા આદિ પાપપૂર્ણ કર્મ કરનારા પાપી, શિકાર, જુગાર, દિવસની ઊંઘ આદિ મનુએ કહેલા અઢાર પ્રકારના વ્યસની તથા ભાંગ, અફીણ, તમાકુ અને માજમ આદિને ખાનારા-પીનારા, વેદ વિરુદ્ધ આચરણ કરવાવાળા પાખંડી, પરસ્ત્રીને ચાહનારા કામી તથા પોતાનો સ્વાર્થ સાધવા અનેક પ્રકારના છળકપટ કરનારા, આ છ પ્રકારના માણસો સાથે મૈત્રી કે બીજા કોઈપ્રકારનો સંપર્ક ન રાખવો.''

આપણને સહેજે જ **પ્રશ્ન** થાય કે શા માટે તેમનો સંગ ન કરવો ? આપણે વળી ક્યાં ચોરી કરવી છે કે આપણે ક્યાં વ્યસન રાખવું છે કે કોઈને છેતરવાનો આપણો સંકલ્પ ક્યાં છે ? આપણે તો ભગવાન શ્રીહરિની કૃપાથી સુખી છીએ તો પછી એવાને મિત્ર પણ શા માટે ન બનાવવો ?

આના **જવાબ**માં એક જર્મન લેખકે ખૂબજ સરસ **વાક્ય** કહ્યું છે : 'One can be judged by his Friends life' અર્થાત્ કોઈપણ માણસના વ્યક્તિત્વ વિષે, એના સ્વભાવ વિષે જો જાણવાની ઈચ્છા હોય તો એના મિત્રવર્તુળને જોઈને પણ એ નક્કી કરી શકાય. કારણ કે, એ ગુણો વહેલા કે મોડા એના જીવનમાં પણ આવવાના જ છે. આપણા શાસ્ત્રો પણ આ વાતને સમર્થન આપે છે :

'यदि सन्तं सेवते यद्यसन्तं तपस्विनं यदि वा स्तेनमेव ।
वासो यथा रङ्गवशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति ।।'

અર્થાત્ કોઈ મનુષ્ય સજ્જનનો સમાગમ કરે કે દુર્જનનો, કોઈ તપસ્વીની સેવા કરે કે ચોરના સંપર્કમાં રહે, ત્યારે તે મનુષ્ય; જેમ શ્વેત વસ્ત્ર જેવા રંગના સંપર્કમાં આવે તેવું રંગાઈ જાય છે તેમ તે પણ જેવાની સાથે તેવો જ થઈ જાય છે. (હંસગીતા)

'बुद्धिश्च हीयते पुंसां नीचैः सह समागमात् ।
मध्यमैर्मध्यतां याति श्रेष्ठतां याति चोत्तमैः ।।'

અર્થાત્ પુરુષને જો નીચ માણસનો સમાગમ થાય તો બુદ્ધિહીન થઈ જાય છે. જો મધ્યમ માણસનો સમાગમ થાય તો બુદ્ધિ મધ્યમ રહે છે અને જો શ્રેષ્ઠ માણસનો સમાગમ થાય તો બુદ્ધિ શ્રેષ્ઠ થઈ જાય છે. (આરણ્યકપર્વ - મહાભારત)

માટે આ છ પ્રકારના કુપાત્ર માણસોનો સંગ કરવાની ના પાડી. કેમ જે, જે મનુષ્ય જેની સાથે રહેતો હોય તે પણ તેની જેવો જ હશે તેમ અંદાજ લગાડવામાં આવે છે. માટે જ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ **'શ્રીહરિલીલામૃત'**માં કહ્યું છે :

**'કુપાત્રને સંગ સુપાત્ર જાય, કુપાત્રમાં તો ગણતા ગણાય;**
**જો અંધમાં દેખક એક હોય, તે અંધટોળી જ ગણાય તોય.'**

આંધળા માણસોની ટોળી જતી હોય અને તેમાં એક બધું જ બરાબર દેખતો હોય એવો વ્યક્તિ પણ જાય તોપણ તેની ગણતરી તો લોકો એ આંધળાઓની સાથે જ કરશે. એ જ રીતે ગમે તેવો સજ્જન હશે પણ આ કહ્યા એવા લોકોનો સંગ કરશે તો

એ સજ્જન પણ એ ૭ પ્રકારના દુર્જનોમાંનો જ એક ગણાશે, અને સમય જતાં એમાં પણ એવા જ કુલક્ષણો પ્રવેશ કરશે જ. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮મા **વચનામૃત**માં કહ્યું છે કે, ''આ જીવ જેવી સોબત કરે છે તેવું તેનું અંતઃકરણ થાય છે; તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય ને તે જગ્યા પણ સાત માળની સુંદર હવેલી હોય, તે હવેલીને વિષે કાચના સુંદર તકતા જડ્યા હોય ને સુંદર બિછાના કર્યા હોય, તેમાં નાના પ્રકારના આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારુના શીશા લઈને પરસ્પર પાતા હોય ને વેશ્યાઓ થેઈથેઈકાર કરતી હોય તો ત્યાં જે જન બેસે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે અને તૃણની ઝૂંપડીમાં ફાટેલ ગોદડી ઉપર પરમહંસની સભા બેઠી હોય ને ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય ને ભક્તિ સહ વર્તમાન ભગવદ્‌વાર્તા થાતી હોય તે સભામાં જે જન જઈને બેસે ત્યારે તેનું અંતઃકરણ બીજી રીતનું થઈ જાય છે.''

વળી, ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૯મા **વચનામૃત**માં કહે છે કે, ''જે ભગવાનના ભક્તને સાર-અસારનો વિવેક હોય તે તો પોતાના એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહિ.'' ત્યારે જ તો જેતપુરના **જીવાજોશી**એ ફક્ત લસણ, ડુંગળી અને હિંગ (કુસંગી પદાર્થ) નહિ ખાવા માટે થઈને ગામ છોડી દીધું. અરે ! શું ખુમારી હશે એ લોધિકાના દરબાર **અભેસિંહજી**ની કે જે એક સમયે એકાદશીના દિવસે પોતે શિકાર કરેલા પંખીઓની જીભના ફરાળ કરતો ને એ જ અભેસિંહ પોતાના ગુરુ એવા સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીને આપેલ વચનનું **અનુસંધાન** રાખી જામનગરમાં વિભાજામની મહેફિલમાં તો જાય પણ દારુ ન પીવે અને અંતે એ દરબાર કુસંગી ખવાસ વગેરેના અનેક કાવા-દાવાઓથી વિભાજામ જ્યારે પોતે જ દારુ પાવા આવ્યા ત્યારે તેમને કટાર આપીને કહે કે, પોસાય તો મારું ગળું કાપીને એમાં દારુ રેડી શકો છો, પરંતુ મારાથી આ મોઢેથી દારુ નહિ પી શકાય અને વાત સાંભળીને વિભાજામ પોતે પણ દારુ મૂકવાની પ્રતિજ્ઞા લઈ લે !! ખરેખર આ સંગનો જ પ્રતાપ છે. નહિતર એક સમયે પાંચ-પાંચ બકરીઓને એક સાથે ખરીઓ સોતો ખાઈ જનારો લીલાખાનો મુંજોસુર એક આદર્શ ભક્ત બની શકે ખરો ? માટે જ સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે કે, ''સત્પુરુષનો સંગનો એવો પ્રતાપ છે કે જીવને ખદ્યોતમાંથી સૂર્ય જેવો બનાવી દે છે.''

માટે જ ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૮મા **વચનામૃત**માં કહ્યું છે કે, ''દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠવાનામાં સંગનું સર્વથી વધુ પ્રધાનપણું છે. માટે મન, કર્મ અને વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્તનો જ કરવો જેથી જીવનું કલ્યાણ થાય પણ પાપીનો સંગ ક્યારેય ન કરવો.''

અહીં ફક્ત આ **૭ પ્રકારના માણસો** આધ્યાત્મિક માર્ગે જ હાનિકારક છે પણ લૌકિક માર્ગે ઉપયોગી છે તો એવું નથી. કારણ કે, પોતાની વિવિધ પ્રકારની કૂટનીતિઓ વડે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ થયેલા **ચાણક્ય** પણ આ વિષે કહે છે : 'दुराचारी दुर्दृष्टिर्दुराऽऽवासी च दुर्जनः । यन्मैत्री क्रियते पुम्भिर्नरः शीघ्रं विनश्यति ।।' - અર્થાત્ દુરાચારી, ખરાબ નજરવાળા, દુષ્ટ, કોઈપણ પ્રકારના કારણ વિના બીજાને હાનિ પહોંચાડતા દુર્જનો સાથે દોસ્તી રાખનાર શ્રેષ્ઠ પુરુષની કીર્તિ ઝડપથી નાશ પામે છે.

માટે જ ગોસ્વામી **તુલસીદાસજી** પણ કહે છે : **'દુર્જન સંગ ન દેહી વિધાતા । ઈસસે ભલો નરક કા વાસા ॥'** અર્થાત્ હે વિધાતા ! દુર્જનોની સોબતથી મને દૂર રાખજે, દુષ્ટ મનુષ્યોની સોબત કરતા તો નરકમાં વાસ સારો.

અને પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ પણ **'શ્રીહરિલીલામૃત'**માં કહ્યું છે :

**'કુસંગીનો સજ્જન કોઈ સંગ, કરે અડે અંગ કુસંગ રંગ;**
**જે ઉજળુ વસ્ત્ર વિશેષ હોય, કાળુ થશે કાજળ સંગ તોય.'**

ગમે તેવું શ્વેત વસ્ત્ર હોય પણ જો કાળા કાજળનો સ્પર્શ તેને થાશે તો કાળુ થયા વિના ન રહે, એ જ રીતે ગમે તેવો સજ્જન હોય પણ દુર્જનની સોબત કરશે તો તેની અસર થયા વિના રહે જ નહિ.

આ વાતને આજનું **વિજ્ઞાન** પણ સ્વીકારે છે અને આજના વૈજ્ઞાનિકોના Research (સંશોધન) પ્રમાણે કોઈપણ માણસ જેવું વિચારતો હોય કે કાર્ય કરતો હોય તેવા જ Vibrations (તરંગો) તેની આસપાસના વાતાવરણમાં પ્રસરે છે. અને વત્તે-ઓછે અંશે તેના સંપર્કમાં આવનાર અન્ય વ્યક્તિઓના મગજ સુધી પહોંચે છે. આપણે જેની સાથે હરીએ-ફરીએ છીએ તે વ્યક્તિના ચારિત્ર્યની અસર આપણા ચારિત્ર્ય ઉપર વહેલી મોડી થાય જ છે અને આ જ વાતને આપણા ગામડાના અભણ ભાભા પણ કહે જ છે ને કે, 'કાળિયા ભેગો ધોળિયો જાય, વાન ન આવે પણ સાન તો આવે જ.'

એવા વ્યક્તિઓ સાથે ફરવાથી કોઈપણ વ્યક્તિનું માન-સમ્માન સમાજમાં ઓછું થઈ જાય છે. તેની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે છે અને લાંબાગાળે તે ક્યાંયની રહેતી નથી. અરે ! આપણા શાસ્ત્રોમાં તો જો આવા પાપી માણસોના **સંપર્ક**માં રહેતા કે રહ્યા હોઈએ તો તેનું **પ્રાયશ્ચિત્ત** કરવાનું પણ કહ્યું છે : 'यो येन पापिनैतेषां संसर्गं याति मानवः । स तस्यैव व्रतं कुर्यात्तत्संसर्गविशुद्धये ।।' - અર્થાત્ જે મનુષ્ય જે જાતના પતિતના સંસર્ગમાં રહે તેણે પતિતના સંસર્ગથી લાગેલા પાપની શુદ્ધિને માટે તે પતિતને કહેલું પ્રાયશ્ચિત્ત કરવું.

(મનુસ્મૃતિ : ૧૧/૧૮૧)

અનુસંધાન પેજ - ૧૨ પર...

# શિક્ષાપત્રી : દિવ્ય, ભવ્ય અને શ્રાવ્ય



ડો. જગદિશ ત્રિવેદી (પ્રસિદ્ધ હાસ્ય લેખક તથા કલાકાર)

ઈસ્લામ ધર્મના સર્વશ્રેષ્ઠ ધર્મગ્રંથનું નામ **કુરાન** છે, જેના માટે એમ કહેવાય છે કે જન્નતમાંથી ખુદ ખુદાએ પાક કુરાનને પૃથ્વી ઉપર મોકલાવ્યું છે. તેના સર્જક અલ્લાહ હોવાથી દરેક મુસ્લીમ માટે કુરાનનો **દરેક શબ્દ** અલ્લાહનો **લબ્ઝ** છે. શીયા અને સુન્નીનાં નામે મુસલમાનોમાં ભિન્ન મત પ્રવર્તે છે, પરંતુ કુરાન માટે સૌનો એક જ મત છે. કારણ કે, એ **પરવરદિગારની પ્રસાદી** છે.

સનાતન હિંદુ ધર્મ વેદો, શાસ્ત્રો, પુરાણો અને વેદાંતના પાયા ઉપર ઊભેલો ધર્મ છે, પરંતુ આશરે **પાંચ હજાર વર્ષ પહેલા** કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીના શ્રીમુખેથી 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'નું અવતરણ થયું. આ વિશ્વને વેદો, શાસ્ત્રો અને પુરાણોના નિચોડ સ્વરૂપ **સદ્‌ગ્રંથ** મળ્યો. વિશ્વને યુદ્ધના મેદાનમાં ગ્રંથસ્વરૂપે બુદ્ધની પ્રાપ્તિ થઈ. ગીતાના ગાનારા સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ હોવાથી દરેક હિંદુ માટે ગીતાનો **દરેક શબ્દ** એ **ભગવાનનો શબ્દ** છે. શ્રીકૃષ્ણભક્તોમાં નામ, રૂપ, ધામ અને લીલા સંબંધી મતભેદ હશે; પરંતુ શ્રીમદ્ ભગવદ્ ગીતાજી માટે સૌ વૈષ્ણવોમાં એક સમાન આસ્થા છે. કારણ કે, એ પરમેશ્વરની **પરમ પ્રસાદી** છે.

આ પ્રકારની ત્રીજી ઘટના માત્ર **૧૮૯ વર્ષ પહેલા** ગુજરાતમાં બને છે. સંવત **૧૮૮૨**ની **મહા સુદ પાંચમ** એટલે કે **વસંતપંચમી**ના શુભ દિવસે સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલધામમાં સ્વહસ્તે **'શિક્ષાપત્રી'** નામના **સદ્‌ગ્રંથ**ની વિશ્વને **ભેટ** આપે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની જગતભરના દરેક જીવના પ્રત્યેની કરુણાનું ગ્રંથસ્વરૂપ એટલે 'શિક્ષાપત્રી.' શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતોની શિક્ષાપત્રી પ્રત્યેની શ્રદ્ધા આજે પણ જોડાયેલી છે. કારણ કે, શિક્ષાપત્રીનો દરેક અક્ષર **ભગવાનનો અક્ષર** છે તેથી **મહાપ્રભુની પ્રસાદી** છે.

શિક્ષાપત્રી એ દેવભાષા અથવા વેદભાષા સંસ્કૃતમાં કુલ **૨૧૨ શ્લોક**માં પથરાયેલું સમાજશાસ્ત્રનું એવું **મૂલ્યવાન કાવ્ય** છે કે જેનો દરેક અક્ષર જીવાત્મા માટે અક્ષરધામ તરફ જવાનો **'માઈલસ્ટોન'** છે.

સં. ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમી અને સોમવારની રાત્રે દશ ને દશ ઘડીએ ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લાના **છપૈયા** ગામમાં શ્રીજીમહારાજનું **પ્રાગટ્ય** થાય છે. ૧૮૩૭ થી ૧૮૮૨ સુધીના **૪૫ વર્ષના જીવનમાં** ભગવાન શ્રીહરિ જે અભ્યાસ, દર્શન, શ્રવણ, વિચરણ અને સાધના પોતાના આશ્રિતજનો માટે કરે છે તે **૯૦ વર્ષમાં પણ થઈ ન શકે તેટલું** મહાન છે. આ તમામ અભ્યાસ, દર્શન, શ્રવણ, વિચરણ અને સાધનાનો **નિચોડ** એટલે **'શિક્ષાપત્રી.'** શ્રીજીમહારાજે સમાજને જે **જ્ઞાન** અને **ઉપદેશ** આપ્યો તેનું સાવ સરળ ભાષામાં કાવ્યમાં **રૂપાંતર** એટલે **શિક્ષાપત્રી.** ભગવાન શ્રીહરિએ નેવું દિવસ સુધી વડતાલધામમાં નિવાસ કરીને શિક્ષાપત્રીનું સર્જન કર્યું છે. આપણા રાષ્ટ્રપિતા **મહાત્મા ગાંધીજી** એમ કહેતા કે, સાવ અભણ એવો કોસિયો પણ સમજી શકે એવી સરળ ભાષામાં સાહિત્ય રચાવું જોઈએ. શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વેદો-શાસ્ત્રો-પુરાણો અને ઉપનિષદોમાં રહેલી જટિલ વાતોને કોસિયો પણ સમજી શકે એવી સરળ ભાષામાં રજૂ કરી છે એ શિક્ષાપત્રીનું **'જમાપાસુ'** છે.

આમ, શિક્ષાપત્રી પરબ્રહ્મ પરમાત્માનું સર્જન હોવાથી **દિવ્ય** છે, તેમાં રહેલા **'બહુ જન હિતાય - બહુ જન સુખાય'**ના વિચારો એને **ભવ્ય** બનાવે છે અને સાવ સરળ ભાષામાં રચના થઈ હોવાથી એની સરળતા એને સહજ **શ્રાવ્ય** બનાવે છે. આમ શિક્ષાપત્રી નામની પરમ પ્રસાદી 'દિવ્ય, ભવ્ય અને શ્રાવ્ય છે.'

શિક્ષાપત્રી શબ્દનો **સીધો અર્થ** એવો થાય કે, 'જે પત્રમાં શિક્ષા એટલે કે **વિદ્યા** રહેલી છે એવો પત્ર.' આમ આ શિક્ષાપત્રી ભણવાની છે. હવે સવાલ એ થાય કે ભગવાન શ્રીહરિએ પત્રમાં વિદ્યા મોકલી તો કોના ઉપર મોકલી છે ? શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા એમ કુલ ચાર શ્લોકમાં **વિશેષ અનુગ્રહ** કરીને પાંચ વ્યક્તિઓનો **ઉલ્લેખ** કર્યો છે. (૧) આદિઆચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ (૨) આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ (૩) બ્રહ્મચારી મુકુંદાનંદજી (૪) ગૃહસ્થ મયારામ ભટ્ટ (૫) સાધુ મુક્તાનંદજી.

પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ બીજા નંબરના શ્લોકમાં સ્પષ્ટ લખે છે કે, 'આ શિક્ષાપત્રી હું **તમામ દેશમાં રહેલા** મારા **તમામ સત્સંગીઓ** માટે લખી રહ્યો છું.'

મેં (લેખકે) આ પરમપવિત્ર શિક્ષાપત્રીનો આપણી **માતૃભાષા** ગુજરાતીમાં - એ પણ સાવ સરળ અને શિષ્ટ ગુજરાતી ભાષામાં - તેમજ દોહરાના શાસ્ત્રીય બંધારણમાં **અનુવાદ** કર્યો ત્યારે સમજાયું કે શિક્ષાપત્રી તો સમગ્ર વિશ્વના **તમામ નાના-મોટા**

જીવના **કલ્યાણ માટે** લખાયેલો **'પરમ હિતકારી સદ્‌ગ્રંથ'** છે.

હું શિક્ષાપત્રીનો સંપૂર્ણ પદ્યાનુવાદ કરતી વેળા એના તમામ શ્લોકમાંથી એક કરતા વધુ વખત પસાર થયો એ મારું **સૌભાગ્ય** હતું અને એ પરમયાત્રાથી મને **જ્ઞાન** થયું કે 'જે સમાજ શિક્ષાપત્રીને અનુસરે તે સમાજમાં **હિંસા** શક્ય જ નથી. જે પરિવાર શિક્ષાપત્રીને અનુસરે તે પરિવારમાં કૌટુંબિક **ઝઘડાં** શક્ય જ નથી. જે વ્યક્તિ શિક્ષાપત્રીને અનુસરે તે વ્યક્તિના જીવનમાં **વ્યસન** પણ શક્ય જ નથી.'

આજે વિશ્વમાં ભૌતિક સુવિધાઓનો તોટો નથી, પરંતુ શાંતિનો સદંતર અભાવ છે. આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગમાં ઉકળી રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં વ્યસનો છે, વિકૃતિઓ છે, વિવાદો છે, હિંસા છે, અરાજકતા છે, અશાંતિ છે. આ તમામ પ્રકારની પીડાની **અકસીર દવાનું** નામ **'શિક્ષાપત્રી'** છે. જે લોકોને આ વિધાનમાં અતિશયોક્તિ લાગે તેમને એકવાર શાંતચિત્તે શિક્ષાપત્રી વાંચી જવાની **ભલામણ** કરું છું. મને શ્રદ્ધા છે કે એમનો **અભિપ્રાય** બદલાઈ જશે.

શિક્ષાપત્રી એ સમાજજીવનનું એવું **મૂલ્યવાન કાવ્ય** છે જેમાં સમાજના તમામ વર્ગને તથા સમાજના તમામ જીવને સુખીજીવનની **જડીબુટ્ટી** આપવામાં આવી છે. માણસે શું ખાવું ? શું ન ખાવું ? ક્યારે જાગવું ? ક્યારે ઊંઘવું ? કેવી રીતે કમાવું ? કેવી રીતે વાપરવું ? કેવા વસ્ત્રો પહેરવા ? રાજાએ પ્રજા સાથે કેમ વર્તવું ? પ્રજાએ રાજા સાથે કેમ વર્તવું ? માણસના જીવનની **ઝીણામાં ઝીણી બાબતો**નો સમાવેશ આ **સદ્‌ગ્રંથ**માં છે. અરે ! માણસની વાત છોડો, ભગવાન શ્રી સ્વામિનારાયણે પશુ-પક્ષી-પ્રાણીઓ અને વૃક્ષોની પણ ચિંતા કરી છે. ધર્મ, શાસન, ખેતી, નોકરી, જળ, પર્યાવરણ, ઉદ્યોગ, પશુપાલન જેવા અનેક ક્ષેત્ર માટે **ઉત્તમ સમજણનો ખજાનો** આ સદ્‌ગ્રંથમાં ઠાંસી-ઠાંસીને ભર્યો છે.

મારો આ લેખ તો શિક્ષાપત્રીનું **વિહંગાવલોકન** છે. આકાશમાં ઉડતું પંખી દરિયો જોઈ શકે, પરંતુ તે પાણીની શીતળતા, અગાધ ઊંડાઈ, તેમાં રહેલા મૂલ્યવાન મોતી તેમજ તેમાં રહેલી જીવસૃષ્ટિ વિશે જાણવું હોય તો મરજીવા બનવું પડે અને એમાં ડૂબકી મારવી પડે. તેમ શિક્ષાપત્રી સદ્‌ગ્રંથને સમજવા માટે તેમાં **ડૂબકી** મારવી ફરજીયાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે, મારી વાણી એ મારું જ સ્વરૂપ છે. તેથી શિક્ષાપત્રી એ શ્રીજીમહારાજનું **વાઙ્મય સ્વરૂપ** છે. ભગવાન શ્રીહરિ **૨૧૨ શ્લોકની ગાગરમાં** સમાજજીવનનો **સાગર** સમાવીને વિશ્વ ઉપર **બહુ મોટી કરુણા** કરી છે.

અનુસંધાન પેજ ૨૧નું ચાલું...


'एकशय्यासनं पंक्तिर्भाण्डपक्त्यन्नमिश्रणम् ।
याजनाध्यापने यौनं तथा च सहभोजनम् ।।
नवधा सङ्करः प्रोक्तो न कर्तव्योऽधमैः सह ।'

અર્થાત્ ''એક પથારી, એક આસન, એક પંગત, એક જ પાત્રમાં પકાવેલી રસોઈ, પરસ્પર અન્ન લઈ દઈને ભેળું કરવું, યજ્ઞ કરાવવો, ભણાવવું, વિવાહાદિ યૌનસંબંધ અને સહભોજન - આ **નવ રીતના સંપર્ક**-સંસર્ગથી **ગુણ-દોષ** આવે છે માટે અધમ મનુષ્યનો સંપર્ક ઉપર્યુક્ત **નવપ્રકારે** તજી દેવો.'' એમ બૃહસ્પતિએ પરાશર માધવીયમાં પણ કહ્યું છે. આનો અર્થ એવો નથી કરવાનો કે તો પછી એવા લોકોને ધુત્કારીને, તુચ્છ સમજીને છોડી દો. ભગવાન શ્રીહરિ તો **'સર્વજીવહિતાવહ'** એ ન્યાયે સૌને કલ્યાણ આપવા બ્રહ્માંડમાં આવે છે માટે એવા જીવો માટે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે **ઉપાય** બતાવતાં વરતાલ પ્રકરણના ૩જા વચનામૃતમાં કહ્યું છે કે, ''એવા સમુદ્રના ખારા જળ જેવા જીવને પણ વડવાનળ અગ્નિ જેવા ભગવાનના સિદ્ધ દશાવાળા **પરમ એકાંતિક સંતનો સંગ** કરાવવામાં આવે તો એવા ખારા જીવને પણ મીઠા કરી નાખે છે.'' એવા સંતોનો સંગ થવાથી કોને ખબર છે કે એમાંનો જ કોઈ વાલિયો લૂંટારો 'વાલ્મિકી મુનિ' બની જાય ? અરે ! એમાંનો જ કોઈ બિલ્વમંગલ 'સૂરદાસ' બની જાય ? એમાનો જ કોઈ જોબન વડતાલો 'ભક્તરાજ જોબન' બની જાય ?

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ અનાદિકાળથી ભટકતા જીવોના કલ્યાણનું Management કેમ કરવું એ જાણતા હતા. ભગવાન શ્રીહરિ જાણતા હતા કે જીવ જો આ લોકમાં સુખી રહી શકશે તો જ મારી ભક્તિ કરી શકશે, અને તો જ એ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૯મા પ્રમાણે ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત ભગવાનની ભક્તિને વૃદ્ધિ પમાડવા માટેના સૌથી મહત્ત્વના સાધન રૂપ એકાંતિક સંતોનો સંગ અતિ દૃઢપણે કરી શકશે. અને સંગથી ભક્તિ આદિક વૃદ્ધિ પામવાથી સર્વ સુખના સાગર એવા મારા અક્ષરધામમાં આવી મને પામી શકશે.

માટે જ ભગવાન શ્રીહરિએ જીવ આ લોક અને પરલોક જે અક્ષરધામ તેમાં સુખેથી રહી શકે તે માટે '212 Keys to live happily' એટલે કે આનંદમાં રહી શકાય તે માટેની ૨૧૨ ચાવીઓ (શ્લોકો) શિક્ષાપત્રીરૂપે આપી છે. માટે જ પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી **વિહારીલાલજી મહારાજશ્રી** પણ 'શ્રીહરિલીલામૃત'માં કહે છે : **'આ લોક ને વળી પરલોક કેરો, રસ્તો મળે શાસ્ત્ર થકી ઘણેરો.'**

માટે અહીં **'જેવો સંગ તેવો રંગ'** આ ચાર શબ્દોને જ જો માણસ યથાર્થ સમજી જાય તો તે આધ્યાત્મિક કે લૌકિક



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી






જૂનાગઢ પ્રદેશના બારપટોળીને આંગણે મલાડનિવાસી પ.ભ. શ્રી રમેશભાઈ તથા નાથાભાઈ વાઘેલા પરિવારના મુખ્ય આર્થિક સહયોગથી તૈયાર થયેલ પ્રાસાદિક શ્રી હનુમાનજી મહારાજના નૂતન મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૨૪-૧૨-૨૦૧૪)






વડતાલ પ્રદેશના પાદરાને આંગણે પૂ. પુરાણી સ્વામીના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા.૨૬-૧૨-૨૦૧૪)






વડોદરાને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના ઉપસ્થિતિમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા




## ત્રિદિનાત્મક ‘વિન્ટર સત્સંગ શિબિર’ - સ્ક્રેન્ટન (અમેરિકા)

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી અમેરિકાના પેન્સિલવીલીયા રાજ્યના શ્રી સ્વામિનારાયણ મંદિર - સ્ક્રેન્ટન ખાતે ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા ત્રિદિનાત્મક ‘નેશનલ વિન્ટર સત્સંગ શિબિર’નું તા. ૨૬ થી ૨૮-૧૨-૨૦૧૪ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરના માધ્યમથી અમેરિકાના અલગ-અલગ રાજ્યમાં નિવાસ કરતા બાળકો અને યુવાનોમાં ભગવાન શ્રીહરિની ઉપાસના-ભક્તિ અને સ્થાપિત મૂળભૂત સિદ્ધાંતોની દૃઢતા થાય, ષડ્અંગી સંપ્રદાયનું જ્ઞાન થાય, આચાર્યશ્રી-સંતો-હરિભક્તોનો મહિમા સમજાય, માતા-પિતા અને વડીલોમાં આદરભાવના વધે અને પોતાનું દૈનિક જીવનમાં આધ્યાત્મિકતાની સમૃદ્ધતા વધે તેવા અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથેઆયોજનો કરવામાં આવ્યા હતા.

આ શિબિરમાં વર્જીનીયા મંદિરના પૂજારી શાસ્ત્રી શ્રી રવિન્દ્રભાઈ જોષી તેમજ અન્ય યુવાનોએ પ્રેરક વકતવ્ય આપ્યા હતા.

## ઉત્તરાજ






વડતાલ પ્રદેશના ઉત્તરાજ (જી. વડોદરા)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

## સુરત











સુરતને આંગણે ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા સફાઈ અભિયાન તથા શ્રી નારાયણમુનિ દેવ યુવક મંડળનો દશાબ્દી મહોત્સવ તથા કતારગામમાં યોજાયેલ શ્રી ભક્તિચિંતામણી કથા પારાયણ








ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાના નવનિર્માણ શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ પ્રસંગે સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. (તા. ૫-૧-૨૦૧૫)




ગઢપુર પ્રદેશના ગુંદરણી (તા. મહુવા)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૬-૧-૨૦૧૫)






જૂનાગઢ પ્રદેશના ધારી ગુંદાળી (તા. ભેંસાણ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૬-૧-૨૦૧૫)







જૂનાગઢ પ્રદેશના ચાંપરડા (તા. વિસાવદર)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા.૭-૧-૨૦૧૫)





વડતાલ પ્રદેશના રાસ (તા. બોરસદ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૮-૧-૨૦૧૫)



વડોદરાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.ભ. શ્રી અશોકભાઈ દૂધાત (વલ્લભ એલ્યુમિનીયમ) તથા શ્રી કમલેશભાઈ શેખડા દ્વારા આયોજીત દિવ્ય શાકોત્સવ પ્રસંગે સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. (તા. ૮-૧-૨૦૧૫)






વડતાલ પ્રદેશના મેઘવા (તા. આણંદ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા. ૮-૧-૨૦૧૫)






વડતાલ પ્રદેશના ગોધરાને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા (તા. ૯-૧-૨૦૧૫)






જૂનાગઢ પ્રદેશના શ્રીજીપ્રાસાદિક ગામ ભટ્ટવદરને આંગણે ગઢપુરથી ભટ્ટવદર સુધી યોજાયેલ પદયાત્રા નિમિત્તે જૂનાગઢ મંદિર દ્વારા આયોજીત શાકોત્સવમાં પધારેલ વિશાળ ભક્ત સમુદાયને આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૨-૧-૨૦૧૫)






રાજકોટને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ધનુર્માસમાં પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ શ્રીહરિલીલામૃત કથા પારાયણ (તા. ૬ થી ૧૨-૧-૨૦૧૫)

:: તારીખ :: ૨૪-૧-૨૦૧૫

ભગવાન શ્રીહરિ સ્થાપિત સોરઠ પ્રદેશના અધિષ્ઠાતા શ્રી રાધારમણ દેવના દિવ્ય સાન્નિધ્યમાં

## વસંતોત્સવ તથા શિક્ષાપત્રી જયંતિ મહોત્સવ - જૂનાગઢ

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - જવાહર રોડ, જૂનાગઢ. ફો.નં. ૦૨૮૫ - ૨૬૫૦૬૮૦ મો. ૯૮૨૫૯૩૭૭૫૫

:: તારીખ :: ૧-૨-૨૦૧૫

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં

## દિવ્ય શાકોત્સવ - વરજાંગ જાળિયા

**તારીખ :-** ૨૬-૧-૨૦૧૫ (પ્રજાસતાકદિન)

**આયોજક :-** પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી મો. ૯૪૨૭૭૨૩૨૫૧

પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં

## વાર્ષિક પાટોત્સવ - પાળજ

**તારીખ :-** ૯-૨-૨૦૧૫, મહા વદ - ૫

**સંપર્ક :-** કો. મુકુંદભાઈ - મો. ૯૯૨૫૭૩૬૭૬૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીની આગામી

## કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૮-૩-૨૦૧૫ થી ૩-૪-૨૦૧૫ | ચૈત્ર સુદ - ૯ થી ચૈત્ર સુદ - ૧૪ | શતાબ્દી મહોત્સવ | મુ. **કાયાવરોહણ**, તા. ડભોઈ, જી. વડોદરા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૬૯૭૮૨૩૬ |
| ૨. | ૫-૪-૨૦૧૫ થી ૧૧-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૧ થી ચૈત્ર વદ - ૭ | શ્રી ભાગવત કથા મહોત્સવ | મુ. **સ્કોડા શોરૂમની સામે, ગોંડલ રોડ, રાજકોટ** સંપર્ક :- મો. ૯૯૨૪૪૮૨૪૪૪, ૯૮૨૪૦૩૬૭૨૧ |
| ૩. | ૧૦-૪-૨૦૧૫ થી ૧૮-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૬ થી ચૈત્ર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. **યોગીચોક, પુણાગામ, સુરત** સંપર્ક :- મો. ૮૧૨૮૬૯૧૫૧૩ |
| ૪. | ૨-૫-૨૦૧૫ થી ૫-૫-૨૦૧૫ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ વદ - ૧ | શ્રી સ્વામિનારાયણ બાળયુવા મહોત્સવ | મુ. **શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર** સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૩/૦૫ |
| ૫. | ૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧ | રત્નાકર મહોત્સવ | મુ. **શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર** |

## નૂતન હરિમંદિરો ખાતમુહૂર્તવિધિ તથા શાકોત્સવ

| ક્રમ | કથાતારીખ | તિથિ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૪-૧-૨૦૧૫ | મહા સુદ - ૫ | બપોરે ૩ થી ૬ ખાતમુહૂર્ત તથા સત્સંગ સભા | મુ. **મેઘપુર**, તા. વંથલી, જી. જૂનાગઢ. સંપર્ક : મો. ૯૯૬૭૭૨૦૪૭૧ |
| ૨. | ૨૬-૧-૨૦૧૫ | મહા સુદ - ૭ | સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત તથા સત્સંગ સભા | મુ. **સર**, તા. જી. રાજકોટ સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૩. | ૨૯-૧-૨૦૧૫ ૩૦-૧-૨૦૧૫ | મહા સુદ - ૧૦ મહા સુદ -૧૧ | રાત્રે ૬ થી ૮ સત્સંગ સભા સવારે ૮.૦૦ ખાતમુહૂર્ત | મુ. **કોટડા સાંગાણી**, તા. જી. રાજકોટ સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૪. | ૩૦-૧-૨૦૧૫ | મહા સુદ - ૧૧ | સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત તથા સત્સંગ સભા | મુ. **ઉમરાળી**, તા. જી. રાજકોટ સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૫. | ૩-૨-૨૦૧૫ ૪-૨-૨૦૧૫ | મહા સુદ - ૧૫ મહા વદ - ૧ | રાત્રે ૬ થી ૮ સત્સંગ સભા સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત | મુ. **મેઘલપુર**, તા. સોજીત્રા, જી. આણંદ સંપર્ક : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૭૧૪૨૭૫૮૭૭ |
| ૬. | ૧૫-૨-૨૦૧૫ ૧૬-૨-૨૦૧૫ | મહા સુદ - ૧૫ મહા વદ - ૧ | રાત્રે ૬ થી ૮ સત્સંગ સભા સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત | મુ. **રાણસીકી**, તા. ગોંડલ, જી. રાજકોટ સંપર્ક : મો. ૯૮૭૯૦૧૬૮૯૨, ૯૯૨૫૫૬૬૦૧૫ |

## શાકોત્સવ તથા સત્સંગ સભા

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ગુંજાર | મહા સુદ - ૮ | ૨૭-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૨. | સુકી સાજડીયાળી | મહા સુદ - ૧૦ | ૨૯-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૩. | મોરજ, તા. તારાપુર | મહા વદ - ૧ | ૪-૨-૨૦૧૫ | સાંજે ૫ થી ૭ |
| ૪. | ડભોઉ, તા. સોજીત્રા | મહા વદ - ૨ | ૫-૨-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૫. | ગોધરા | મહા વદ - ૬ | ૧૦-૨-૨૦૧૫ | સાંજે ૯ થી ૧૧ |
| ૬. | કાલોલ, જી. પંચમહાલ | મહા વદ - ૮ | ૧૨-૨-૨૦૧૫ | સાંજે ૫ થી ૭ |

નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - રૂણજ (તા. તારાપુર, જી. ખેડા)નો

:: પારંભ :: ૯-૩-૨૦૧૫

## મૂર્તિ મહોત્સવ તથા શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

:: પૂર્ણાહુતિ :: ૧૩-૩-૨૦૧૫

**વક્તા :-** પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા **સંપર્ક :-** મો. ૯૪૨૭૭૨૩૨૫૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

# નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથાતારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૭-૨-૨૦૧૫ થી ૯-૨-૨૦૧૫ | મહા વદ - ૨ થી મહા વદ - ૫ | મહા વદ - ૫ તા. ૯-૨-૨૦૧૫ | મુ. **રાસ**, તા. બોરસદ, જી. આણંદ સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૮૨૫૮૨૪૩૭૭ |
| ૨. | ૧૯-૨-૨૦૧૫ થી ૨૩-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૧ થી ફાગણ સુદ - ૫ | ફાગણ સુદ - ૩ તા. ૨૧-૨-૨૦૧૫ | મુ. **દેગામ**, તા. ડભાણ, જી. ખેડા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૭૮૭૪૬૪૮૪૫૦ |
| ૩. | ૮-૩-૨૦૧૫ થી ૧૨-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી ફાગણ વદ - ૬ | ફાગણ વદ - ૬ તા. ૧૨-૩-૨૦૧૫ | મુ. **સામલોદ**, તા. ઝઘડીયા, જી. ભરુચ સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૪. | ૯-૩-૨૦૧૫ થી ૧૩-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી ફાગણ વદ - ૭ | ફાગણ વદ - ૭ તા. ૧૩-૩-૨૦૧૫ | મુ. **સીમળીયા**, તા. સંખેડા, જી. વડોદરા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૫. | ૧૪-૩-૨૦૧૫ થી ૨૦-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૮ થી ફાગણ વદ - ૩૦ | ફાગણ વદ - ૮ તા. ૧૪-૩-૨૦૧૫ | મુ. **શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, ડોંબીવલી (ઈ)** સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨ |
| ૬. | ૨૦-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૫ તા. ૨૩-૪-૨૦૧૫ | મુ. **બારડોલી**, જી. સુરત સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૭. | ૨૦-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૫ તા. ૨૩-૪-૨૦૧૫ | મુ. **ભક્તિધારા રેસીડેન્સી, સાયણ, સુરત** સંપર્ક :- મો. ૯૮૨૫૭૬૯૯૯૨, ૯૮૨૫૬૧૦૫૧૮ |
| ૮. | ૨૫-૪-૨૦૧૫ થી ૨૯-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૭ થી વૈશાખ સુદ - ૧૧ | વૈશાખ સુદ - ૭ તા. ૨૫-૪-૨૦૧૫ | મુ. **ગુંદરણી**, તા.મહુવા, જી. ભાવનગર**સુરત** સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૩૮૩ |
| ૯. | ૯-૫-૨૦૧૫ થી ૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮ તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ગુંજાર**, તા.ધંધુકા, જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૬૬૨૪૨૩૨૮૭, ૯૬૬૨૧૪૯૯૪૮ |
| ૧૦. | ૯-૫-૨૦૧૫ થી ૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮ તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ધંધુકા**,જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૪૨૮૪૯૯૩૦૮ |
| ૧૧. | ૧૧-૫-૨૦૧૫ થી ૧૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી વૈશાખ વદ - ૧૨ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **કોલડા**, તા.કુંકાવાવ, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૫૩૦ |
| ૧૨. | ૧૨-૫-૨૦૧૫ થી ૧૬-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી વૈશાખ વદ - ૧૩ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **વિરડી**, તા. ગારીયાધાર, જી. ભાવનગર સંપર્ક :- મો. ૯૪૨૬૮૩૨૮૪૩, ૯૩૭૬૭૯૯૨૯૪ |
| ૧૩. | ૧૫-૫-૨૦૧૫ થી ૧૭-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧૨ થી વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **સુકી સાજડીયાળી**, તા.જી. રાજકોટ સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |

## છપાય છે... છપાય છે... ટૂંકસમયમાં જ વ્રત-ઉત્સવનો નિર્ણય છપાય છે... છપાય છે...

વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન દ્વારા **વ્રત-ઉત્સવોનો નિર્ણય** છપાય છે તો જો આપ તેમાં પોતાનું **નામ** અથવા **કંપની, ઓફિસ, ફેક્ટરી** યા તો દુકાનનું નામ **શુભેચ્છક** તરીકે આપવા ઈચ્છતા હોય તેમણે તેમજ નિર્ણયમાં આપવામાં આવતી મંદિરોની યાદીમાં આપના ગામનું નામ જો ન હોય અથવા આપની જાણમાં કોઈ મંદિરનું નામ બાકી રહી ગયું હોય તો નીચે જણાવ્યા પ્રમાણે **સંપર્ક** કરવો.

પૂ. **ઘનશ્યામી સ્વામી** - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ પ.ભ. **શ્રી નનુમામા** - મો. ૯૦૯૯૨૯૨૯૨૫

**કાશી :-** શ્રી કાશીવિશ્વનાથજી મંદિર દર્શન, પવિત્ર ગંગાજી સ્નાન, દશાશ્વમેધ, મણિકર્ણિકા વગેરે કાશીના ઘાટોના દર્શન, શ્રી સ્વા. મંદિર દર્શન. **(ઉત્તરપ્રદેશ)**

**અલ્હાબાદ-પ્રયાગરાજ :-** શ્રી ગંગા-યમુના-સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સ્નાન, અશોકનો કિલ્લો, અક્ષયવડ, સૂતેલા હનુમાનજી મંદિર દર્શન, શ્રી ભારદ્વાજ મુનિ આશ્રમ દર્શન, આનંદ ભવન, શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શન. **(ઉત્તરપ્રદેશ)**

**અયોધ્યા :-** શ્રીરામ જન્મભૂમિ દર્શન, સરયુનદી સ્નાન, કનક ભુવન, હનુમાગઢી દર્શન, શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શન. **(ઉત્તરપ્રદેશ)**

**છપૈયા :-** સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાગટ્યસ્થાન દર્શન, નારાયણ સરોવર સ્નાન, ગૌઘાટ, શ્રવણ તળાવટી, ખાંપા તળાવડી વગેરે બાળપ્રભુ લીલાસ્થાનોના દર્શન, આરસના પથ્થરમાં નકશીકામ કલાયુક્ત નૂતન મંદિર તથા જન્મસ્થાન દર્શન, મખોડાઘાટ દર્શન. **(ઉત્તરપ્રદેશ)**

**હરિદ્વાર :-** પવિત્ર ગંગાજીમાં સ્નાન, હરકી પૈડી-ગંગામાતા આરતી દર્શન, શ્રી સ્વા.મંદિર દર્શન, પાવનધામ ભારતમાતા આદિક અનેક મંદિર-આશ્રમોના દર્શન, ખરીદી માટેનું ઉત્તર બજાર, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(ઉત્તરાખંડ રાજ્ય)**

**ઋષિકેશ :-** જગપ્રસિદ્ધ પૌરાણિક શહેર, રામઝુલા, સાતમાળનું મંદિર દર્શન, પરમાર્થ નિકેતન, ગીતાભવન, સ્વર્ગાશ્રમ વગેરે આશ્રમોના દર્શન, ગંગાસ્નાન, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(ઉત્તરાખંડ રાજ્ય)**

**લક્ષ્મણઝુલા :-** લક્ષ્મણજીએ બાર વર્ષ તપ કરેલું તે સ્થાને મંદિર દર્શન, ભગવાન શ્રી સ્વા.ના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(ઉત્તરાખંડ રાજ્ય)**

**બદ્રિનાથ :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, શ્રી બદ્રિનાથ ભગવાન મંદિર દર્શન, અલકનંદા નદીને કિનારે તપ્તકુંડ, નારદ કુંડમાં સ્નાન, નારસિંહી શીલા દર્શન, ભારતનું છેલ્લું માનાગામ, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ.**(ઉત્તરાખંડ રાજ્ય)**

**મથુરા :-** શ્રીકૃષ્ણ જન્મભૂમિ દર્શન, વિશ્રામઘાટ, શ્રી યમુનાજી નદીમાં સ્નાન, શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શન. **(ઉત્તરપ્રદેશ)**

**ગોકુળ :-** ભગવાન શ્રીકૃષ્ણનું બાળલીલા સ્થાન, બ્રહ્માંડઘાટ, નંદજીનો ૮૪ સ્થંભયુક્ત મહેલ દર્શન. **(ઉત્તરપ્રદેશ)**

**રમણરેતી :-** ભગવાન શ્રીકૃષ્ણના ચરણરજથી ધન્ય બનેલ ભૂમિના દર્શન. **(ઉત્તરપ્રદેશ)**

**વૃંદાવન :-** ભગવાન શ્રીકૃષ્ણ તથા ગોપીઓના પવિત્ર રાસોત્સવલીલા સ્થાન, કદમ્બવૃક્ષ, કાલિંદ્રી, સેવાકુંજ, ઇસ્કોન મંદિર, પ્રેમમંદિર, વગેરે. **(ઉત્તરપ્રદેશ)**

**દ્વારકા :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, શ્રી દ્વારિકાધીશ મંદિર દર્શન, શારદાપીઠ, શ્રી ગોમતીજી સ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શન, ગોપીતળાવ દર્શન, મહાપ્રભુજી બેઠક દર્શન, શ્રી રૂક્ષ્મણિ મંદિર દર્શન, નાગેશ્વર જ્યોતિર્લિંગ, બેટદ્વારિકા દર્શન. **(ગુજરાત)**

**યાત્રા વિષે અગત્યની માહિતી**

**એક જ ડબ્બામાં સાથે-સાથે રહેવા ઈચ્છતા યાત્રિક ભક્તોએ, જેની સાથે રહેવાનું હોય તેમની સાથે પોતાનું નામ લખાવાથી તે શક્ય બની શકશે. યાત્રિક તરીકે પુરુષો તથા સ્ત્રીભક્તો - એમ બંને જોડાઈ શકશે. એક જ સ્ત્રીભક્ત હોય તો તેને રસ્તામાં સાજા-માંદા કે અન્ય તકલીફ આવી પડે તો તેમના કોઈ જાણીતા પુરુષ સંબંધી હોવા જરૂરી છે.**

## ટીકીટ દર

• યાત્રાપ્રવાસ-ભોજન તથા દર્શનની બસ વ્યવસ્થાના ખર્ચ સાથે ટીકીટનો દર એક ટીકીટના **રૂા. ૨૯,૫૦૦/-** રાખવામાં આવેલ છે. • ટીકીટ બુકિંગ સમયે **રૂા. ૧૦,૦૦૦/-** ભરવાના રહેશે તેમજ બાકીની રકમ ટીકીટ દીઠ **રૂા. ૧૯,૫૦૦/-** • ટ્રેનયાત્રા ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.• સીનીયર સીટીઝન્સની સ્પેશ્યલ ટ્રેનમાં વ્યવસ્થા થતી નથી. **ખાસનોંધ :-** પાંચ વર્ષ કે તેથી ઉપરના બાળકોની સ્પેશ્યલ ટ્રેનમાં રેલ્વે બોર્ડ દ્વારા અડધી ટીકીટ અપાતી નથી, માટે તેની પણ આખી ટીકીટ જ લેવાની રહેશે.

### યાત્રા વ્યવસ્થા :

યાત્રાપ્રવાસ રેલ્વેની સંપૂર્ણ સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજીત કરેલ છે. જેમાં થ્રીટાયર સ્લિપર ક્લાસમાં દરેક યાત્રિકને સ્વતંત્ર સુવાની સગડવતા મળશે. તેમજ આરામથી બેસીને યાત્રાને માણી શકશે. અને યાત્રાપ્રવાસ દરમ્યાન ટ્રેનમાં યા તીર્થસ્થાનોએ તીર્થમાહાત્મ્ય શ્રવણ તેમજ કથા-વાર્તાનો લાભ પૂ. સંતોની અમૃતવાણી દ્વારા સાઉન્ડ સિસ્ટમથી સંપૂર્ણ યાત્રામાં મળતો રહેશે.

### ભોજન વ્યવસ્થા :

કિચનકારથી સજ્જ સ્પેશ્યલ ટ્રેનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાએ શુદ્ધ અને ગાળી-ચાળીને પવિત્રપણે સંતો-ભક્ત-ોના હાથે બનાવેલ અને ઠાકોરજીને થાળ ધરીને બંને સમય સ્વાદિષ્ટ સાત્વિક ભોજન તથા સવારે નાસ્તો પીરસવામાં આવશે.

**ખાસ સૂચના :** ટ્રેનયાત્રામાં કોઈને પણ બજારું ખાદ્ય પદાર્થ યા ડુંગળી-લસણ વગેરે ચીજવસ્તુઓ ટ્રેનમાં લાવવા દેવામાં આવશે નહિ.

### દર્શન-વાહન વ્યવસ્થા :

રેલ્વે સ્ટેશનથી તીર્થસ્થાનોએ જવા-આવવાના ખાસ સ્પેશ્યલ બસો વગેરે મૂકવામાં આવશે. તે વાહન વ્યવસ્થાનો ખર્ચ ટીકીટદરમાં સમાવેશ થઈ જાય છે. ટીકીટમાં હોડી, ડોલી, ઘોડા, ટાંગા તથા જોવાલાયક સ્થળોની ફી વગેરેનો સમાવેશ થતો નથી. સ્થાનિક ટ્રાફિકના નિયમો પ્રમાણે બસનો પ્રવેશ માન્ય હશે ત્યાં સુધી જશે અને સાંકડા માર્ગો ઉપર બસ ન જઈ શકે ત્યાં ચાલીને કે પોતપોતાની રીતે જવાનું રહેશે.

**બુકિંગ માટે સંપર્ક : સરધાર મંદિર :** ફો. (૦૨૮૧)૨૭૮૧૨૧૧ **પૂ. પતિતપાવન સ્વામી** - મો. ૭૬૦૦૦૫૮૫૦૫, **રાજુ મહેતાજી** - મો. ૯૫૧૦૮૬૧૦૦૮

**સુરત :** વિરજી ભગત - શ્રીજીમંદિર મો. ૮૧૨૮૬૯૧૫૧૩, તુલસીભાઈ માસ્તર - મો. ૯૪૨૮૪૫૨૯૬૬.
**નવસારી :** દુર્લભજીભાઈ - મો. ૮૧૨૮૬૯૧૫૧૯.
**વડતાલ :** પૂ. ધર્મવલ્લભ સ્વામી - મો. ૯૦૯૯૯૯૯૬૨૬.
**મુંબઈ :** ડોંબીવલી મંદિર ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ પૂ. પ્રેમ સ્વામી - મો. ૯૩૨૨૭૫૩૦૫૨.
**દહિસર :** : મનસુખભાઈ પ્રમુખ - મો. ૯૮૩૩૫૧૫૧૭૨.
**ભરુચ :** જગદીશભાઈ - મો. ૯૪૨૯૪૨૭૧૦૦.

**વડોદરા :** ચિરીનભાઈ - મો. ૯૬૦૧૨૯૦૩૫૪.
**મહુવા :** કો. પા. સાગર ભગત - મો. ૯૦૯૯૯૯૯૬૨૨.
**ભાવનગર :** કો. પા. મેહુલ ભગત - મો. ૯૦૯૯૯૯૯૬૨૧ અમરશીદાદા - મો. ૯૪૨૬૩૧૪૩૬૮.
**ધંધુકા :** હિંમતભાઈ - મો. ૯૪૨૮૪૯૯૩૦૮.
**બગસરા :** કો. પા. પરેશ ભગત - મો. ૮૧૨૮૬૯૧૫૦૨
**વિદ્યાનગર :** અશોકભાઈ ખાંધલી - મો. ૯૮૨૪૪૯૩૩૮૭.
**સુરેન્દ્રનગર :** કનુભાઈ - મો. ૯૦૩૩૬૭૫૨૭૫.

**ભુજ :** પ્રવિણભાઈ માનકુવા - મો. ૯૮૨૫૭૯૫૮૫૨, રાજુભાઈ સુખપુર - મો. ૯૮૭૯૭૩૪૪૩૫.
**અમદાવાદ :** કિશોરભાઈ - મો. ૯૮૯૮૪૭૫૧૦૦, હસમુખભાઈ સાંચાણી - મો. ૯૭૨૭૭૨૭૦૦૯.
**માણાવદર :** શાંતિભાઈ રતનપરા - મો. ૯૪૨૬૧૬૭૭૦૮.
**જૂનાગઢ :** રમેશભાઈ - મો. ૯૪૨૮૪૯૨૧૧૮.
**ઉના :** ધીરુભાઈ જામકા - મો. ૯૮૨૪૨૪૩૧૬૬.
**જેતપુર :** દુર્લભજીભાઈ - મો. ૯૩૨૭૬૦૧૦૦૮.
**અમરેલી :** નિલેશભાઈ સોની - મો. ૯૪૨૭૨૩૦૬૨૦.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ.૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા આયોજીત **તેરમી**

# શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**



| :: પ્રસ્થાન :: | | :: આગમન :: |
|---|---|---|
| તા. ૨૦-૬-૨૦૧૫ | **ટીકીટ દર : ૨૯,૫૦૦** | તા. ૧૨-૭-૨૦૧૫ |
| (અ.અષાઢ સુદ - ૪) | | (અ.અષાઢ વદ - ૧૧) |

## દર્શનીય તીર્થ સ્થળો

**નાસિક :-** કુંભપર્વનું તીર્થધામ, ગોદાવરી સ્નાન, શ્રી રામચંદ્રના વનવાસનું નિવાસ સ્થાન પંચવટી, સીતાગુફા, કાલારામ-ગોરારામ મંદિર, તપોવન આશ્રમ શ્રી સ્વામિનારાયણ મંદિર, મુક્તિધામ, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(મહારાષ્ટ્ર રાજ્ય)**

**ત્ર્યંબકેશ્વર :-** બાર જ્યોતિર્લિંગમાં એકતમ સ્થાન ધરાવતા શ્રી શિવશંકરના જ્યોતિર્લિંગ ત્ર્યંબકેશ્વરના દર્શન, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(મહારાષ્ટ્ર રાજ્ય)**

**રામેશ્વર :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, શ્રી શિવશંકરનું ભગવાન શ્રી રામચંદ્રજીએ પધરાવેલ જ્યોતિર્લિંગ, અતિ ભવ્ય મંદિર અને વિશાળ પરિક્મા, ૨૨ કૂપમાં સ્નાન, સ્ફટિક શિવલીંગ દર્શન, સમુદ્ર સ્નાન, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ.**(તામિલનાડુ રાજ્ય)**

**શ્રીરંગક્ષેત્ર :-** ભગવાન શ્રીરંગનાથજીનું ભવ્ય મંદિર દર્શન, ભારતીય દક્ષિણી શિલ્પકલા સંસ્કૃતિનું દર્શન, દક્ષિણ ભારતની ગંગા સમાન પવિત્ર કાવેરી નદીમાં તીર્થસ્નાન, શ્રી રામાનુજાચાર્યની દિવ્યદેહથી સદા પ્રત્યક્ષ સન્નિધિ તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(તામિલનાડુ રાજ્ય)**

**શિવકાંચી-વિષ્ણુકાંચી (કાંચીપૂરમ્) :-** બાજુ-બાજુમાં આવેલા દક્ષિણના પવિત્ર તીર્થધામો, બંને જગ્યાએ દક્ષિણ શૈલીમાં ગોપુરમ્ (ભવ્ય પાંચ માળના દરવાજાવાળું મંદિર) ગોપુરમ્ ઉપર ઈતિહાસ તથા જીવન દર્શન તથા રાજદર્શન કરાવતું પુરાતન સ્થાપત્ય પૂર્ત કલાનું નકશીકામ, દક્ષિણ ભારતનું નમૂનેદાર શૈલીભર્યું ગામ. ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(તામિલનાડુ રાજ્ય)**

**ભૂતપુરી :-** શ્રી રામાનુજાચાર્યનું જન્મસ્થાન, વિશિષ્ટાદ્વૈત મત પ્રવર્તનનું તથા શ્રી વૈષ્ણવ સંપ્રદાયનું મુખ્ય સ્થાન, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(તામિલનાડુ રાજ્ય)**

**વેલુર :-** એક ટન (૧૦૦૦ કીલોગ્રા) કરતા વધારે સોનાનું શ્રી મહાલક્ષ્મી સુવર્ણ મંદિર દર્શન. **(તામિલનાડુ રાજ્ય)**

**તિરૂપતિ બાલાજી :-** ભગવાન શ્રી તિરૂપતિ બાલાજીનું ભવ્ય મંદિર, સુવર્ણના ઘુમ્મટવાળું ભારતનું જ નહિ, પરંતુ વિશ્વભરનું સૌથી સમૃદ્ધ મંદિર, તિરૂમાલા પર્વત ઉપર પાંડવતીર્થ, આકાશગંગા, જાબાલીતીર્થ, વૈકુંઠતીર્થ, ચક્રતીર્થ, કુમારધારા વગેરે તીર્થસ્થાનોના દર્શન, તળેટીમાં શ્રી ગોવિંદરાજ મંદિર દર્શન, શ્રી પદ્માવતીદેવી મંદિર દર્શન વગેરે તથા ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(આંધ્રપ્રદેશ રાજ્ય)**

**જગન્નાથપુરી :-** ભારત દેશના મુખ્ય ચાર તીર્થધામો માંહિલું એક ધામ, ભારતીય પૂર્વીય શિલ્પકલા સ્થાપત્યનું ભગવાન શ્રી જગન્નાથજીનું ભવ્ય ગગનચૂંબી મંદિર દર્શન, શ્રી માધવરાય મંદિર દર્શન, શ્રી જગન્નાથ ભગવાનનું રસોઈ ઘર દર્શન, શ્રી ગુંડીચા મંદિર દર્શન, ઈન્દ્રદ્યુમ્ન સરોવર સ્નાન, ચક્રતીર્થ સ્નાન, વિશાળ સમુદ્રતટ સ્નાન, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(ઓરિસ્સા રાજ્ય)**

**સાક્ષીગોપાલ :-** ભગવાન શ્રી કૃષ્ણચંદ્રજી મંદિર દર્શન, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(ઓરિસ્સા રાજ્ય)**

**ભૂવનેશ્વર :-** શ્રી શિવજીનું 'લીંગરાજ સ્વામી' મંદિર દર્શન, ભગવાન શ્રી સ્વામિનારાયણના વનવિચરણનું પ્રાસાદિક તીર્થધામ. **(ઓરિસ્સા રાજ્ય)**

**ધોલાગીરી :-** પર્વત પર શાંતિસ્તૂપ બૌદ્ધ સ્મારક દર્શન, અશોક સમ્રાટનું વૈરાગ્ય ઉત્પન્ન સ્થાન. **(ઓરિસ્સા રાજ્ય)**



વધુ વિગત માટે પાછળ જુઓ

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ દહિસર (મુંબઈ)



૧. ભવ્ય શોભાયાત્રા. ૨. મહોત્સવ દિપ પ્રાગટ્ય. ૩. દહિસર સત્સંગ મંડળ દ્વારા ૩૧ ફૂટના હારથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે દહિસર સત્સંગ મંડળ. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે મુંબઈ પરાવિસ્તારના મંડળના પ્રમુખશ્રીઓ. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા પ્રસિદ્ધ પખાવજવાદક શ્રી ભવાનીશંકરજી. ૭. કીર્તનસીડીની વિમોચન. ૮-૯. પૂ. સ્વામીના આશીર્વાદ પ્રાપ્ત કરતા તથા પોતાની કળાને પ્રસ્તુત કરતા પ્રસિદ્ધ સારંગીવાદક પદ્મભૂષણ ઉત્સાદ સુલતાનખાનજીના સુપુત્ર શ્રી શાબિરખાન. ૧૦. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતા સમગ્ર મહોત્સવના યજમાન શ્રી નિતેશભાઈ જયંતિભાઈ પરમાર પરિવાર. ૧૧. શ્રી શૈલેષભાઈ પારેખ તથા આશિતભાઈ પરીખ પરિવાર. ૧૨. શ્રી રમેશભાઈ મૂળજીભાઈ ગાબાણી પરિવાર. ૧૩. સેન્ટ્રલ વિભાગ વતી શ્રી હિંમતભાઈ લાખાણી. ૧૪. સહયજમાન શ્રી બાબુભાઈ ટાંક. ૧૫. શ્રી મનસુખભાઈ પ્રમુખ.

Swaminarayan Chintan, January - 2015 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015






પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ દહિસર (મુંબઈ)ને આંગણે ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા ઉજવાયેલ આઠમો 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૨ થી ૨૮-૧૨-૨૦૧૪)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007